# પ્રેમરસ પ્યાલો

## ગઝલ સંગ્રહ

પ્રેમના ઢાઈ અક્ષરોને પઢ
પોથી, પંડિત, ગ્રંથને છોડી દે

હા, અમે પણ રૂમી જેવા થઈ ગયા

ઉકેલી લીધા તમામ ભેદો, તમે તો શીખીને ઢાઈ અક્ષર

થાય ઠપ ઠપ નાચવા લાગે છે મન

એમને જે ગમે તે વ્હાલું કર
નિજ ગમા અણગમા ફગાવી દે


બહાર કાઢી પાંચ પંદરને 'મહેક'
આપણે અંદરથી ખાલી થઈ ગયા

હું હું, હું હું કહેતા રહેશો તો દ્વાર કદી પણ નહિ ઉઘડે
એ દ્વાર ફક્ત તું હી તું ની ચાવીથી 'મહેકજી' ઉઘડે છે

જીભ અટકી છતાં ઝિકર ચાલુ
અલ્લા અલ્લા કરે છે મણકા પણ

ષડ્રિપુને કાઢવા છે નીકળ્યા
આત્મને અજવાળવા છે નીકળ્યા

'મહેક' ટંકારવી



*'મહેક' ટંકારવી* *ડૉ જગદીશ દવે*

બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલના વિશાળ હોલમાં ૨૪મી ઓગષ્ટ ૨૦૦૪ના રોજ યોજાયેલા રાષ્ટ્રીય ગુજરાતી મુશાયરા નિમિત્તે 'મહેક' ટંકારવીને તકતી અર્પણ કરતા ગુજરાતી ભાષાના પાઠ્ય પુસ્તકોના સંપાદક અને ભાષાની જાળવણી માટે સતત પ્રયત્નશીલ લંડન નિવાસી ડૉ જગદીશ દવે સાહેબ


**ગઝલકાર 'મહેક' ટંકારવી ને...**

બ્રિટનમાં ગુજરાતી ગઝલ અને મુશાયરાઓનો આરંભ ૧૯૬૬માં 'મહેક' ટંકારવીના બ્રિટન આગમન સાથે થયો એ એક ઐતિહાસિક તથ્ય છે. ત્યારથી આજપર્યંત અનેક મુશાયરાઓનું આયોજન કરી, નવોદિત ગઝલકારોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતા રહી ગુજરાતી ભાષા અને ગઝલને તેમણે અહીં જીવંત રાખી છે. મુશાયરાઓમાં સૂફી રંગની ગઝલોને સુંદર તરન્નુમથી રજૂ કરી તેમણે હંમેશાં શ્રોતાઓની વાહ વાહ મેળવી છે. ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ના સ્થાપક અને સુકાની એવા 'મહેક' ટંકારવીની અવિરત સેવાઓને અમે બિરદાવીએ છીએ અને તેની કદરરૂપે આ તકતી અર્પણ કરતાં અમને ખૂબ આનંદ થાય છે.

**ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.**

# પ્રેમરસ પ્યાલો

## ગઝલ સંગ્રહ





**'મહેક' ટંકારવી**

**'Premras Pyalo'**
a collection of Gujarati ghazals by
Yacoob Mank ('Mahek' Tankarvi), 2013


કવિના ગઝલ સંગ્રહો:




પ્યાસ
૧૯૭૨



તલાશ
૧૯૮૦




પ્યાસથી પરબ સુધી...
૨૦૦૬




પ્રેમરસ પ્યાલો
૨૦૧૩

**Title:** 'Premras Pyalo'
**Copyright:** © 2013 Mahek Tankarvi - All Rights Reserved

સંપર્ક:
પ્રાપ્તિ સ્થાન: Mahek Tankarvi
37 The Beeches
Bolton, UK
BL1 7BS

**Phone:** +44 1204 591709
**E-mail:** ghazals@mahek.co.uk
**Website:** www.mahek.co.uk

ટાઈપસૅટિંગ અને
લેઆઉટ ડિઝાઈન: Mahek Translation Service
Bolton, UK

વિતરક: રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે
ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન: ૦૭૯ ૨૨૧૧ ૦૦૮૧

મૂલ્ય: ૯૦ રૂપિયા

# અ ર્પ ણ

મારાં મરહૂમ રાજીમાને
જેમના વાત્સલ્ય અને હયાતીની હૂંફ હું હજીય માણું છું

*અને*

અહીં બ્રિટનમાં છેલ્લા ચાર દાયકાથી પણ વધુ સમયથી ગુજરાતી ગઝલ અને મુશાયરાઓને જીવંત અને વેગવંત રાખવામાં એક યા બીજી રીતે મદદરૂપ રહ્યા છે તેવા ગુજરાતી અને ઉર્દૂના કવિમિત્રો, મુરબ્બીઓ અને મુશાયરાઓમાં વાહ વાહ કરી હંમેશાં પ્રોત્સાહિત કરતા રહ્યા છે તેવા અમારા ગઝલચાહક અને ગઝલફહેમ શ્રોતાઓને

સસ્નેહ...

**પરદેશગમન...**

હું ઈંગ્લેન્ડ જવાનો છું એવું સાંભળ્યું ત્યારથી
એમના હોશ ઊડી ગયા હતા
મારાં રાજીમા રાજી ન હતાં.

ગામના પાદરે
મને વળાવા આવેલા કેટલાક મિત્રો
સગાં-સમ્બંધીઓને મળી-ભેટી
બસના પગથિયાં ચડતાં ચડતાં
મારી છેલ્લી નજર એમની વૃદ્ધ
કરચલિયોવાળી મુખાકૃતિ પર ઠરી ગઇ હતી
એ હજી બરાબર યાદ છે.

ભાઈ, વહેલો પાછો આવજે...
એ એમના છેલ્લા શબ્દો અને એ વિચારે કે
વહેલા પાછા આવવું
અને એમને ફરી મળવું કદાચ શકય નહીં બને
મારી આંખોમાં રોકવાની મથામણ છતાં
આંસુ આવી ગયાં હતાં.

આજે રાજીમા નથી...
વર્ષો વીતી ગયાં, છતાંયે
તે આંસુ હજી સુકાયાં નથી
એમાં તરે છે
મારાં રાજીમાની આદ્ર મુખાકૃતિ
એની ભીનાશમાં
હજી તાજી છે એમના વાત્સલ્યની ભીનાશ
અને હું આજે પણ માણું છું
એમની હયાતીની હૂંફ!

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

# અવિરત ચાલુ રહેતી ગઝલયાત્રા...

અહીં બ્રિટનમાં ઠેઠ ૧૯૬૬માં 'મહાગુજરાત ગઝલ મંડળ'ના પ્રમુખ અને ખૂબજ જાણીતા હઝલસમ્રાટ મરહૂમ 'બેકાર' રાંદેરીની ઉપસ્થિતિમાં બોલ્ટનના સ્પીનર્સ હોલમાં યોજાયેલા પ્રથમ ગુજરાતી મુશાયરાથી આરંભાયેલી ગઝલયાત્રા હજી અવિરત ચાલુ જ છે એ મારા માટે અને આ યાત્રાના હમસફર એવા 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'ના અને બ્રિટનની અન્ય સાહિત્યિક સંસ્થાઓના મારા તમામ કવિમિત્રો અને સાહિત્યરસિકો માટે ખરેખર આનંદની વાત છે. આ યાત્રામાં કેટલાક સાહિત્યપ્રેમીઓ, ગઝલચાહકો અને અમારી પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડનારા કેટલાક મિત્રો-મુરબ્બીઓનો ફાળો પણ કંઇ નાનોસૂનો નથી. ૧૯૯૦ પછી જનાબ 'દીપક' બારડોલીકર અને 'અદમ' ટંકારવી જેવા સિદ્ધહસ્ત ગઝલકારોના અહીં આગમન પછી ગઝલ અને મુશાયરા પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો છે. વળી દેશ પરદેશથી પધારતા નામાંકિત કવિઓ, ગઝલકારો, સાહિત્યકારો અને વિદ્વાનોએ પણ જરૂરી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી બ્રિટનના અન્ય ટાઉનો અને શહેરોમાં પણ સાહિત્યિક પ્રવૃત્તિને આદરવા અને વિકસાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે.

અહીં લખાતી ગઝલ દેશવટો અને સાથે ભાષાવટો પણ ભોગવતા અને વતનઝુરાપા સાથે જીવતા લોકો માટે લોકભોગ્ય બની રહે અને તેઓ ગુજરાતી ભાષામાં અને એમાં લખાતી કવિતાઓ અને ગઝલોમાં રસ લેવાનું ચાલુ રાખે એ આશયથી અમે પ્રથમથી જ અમારા એ વાંચકો અને શ્રોતાઓને ધ્યાનમાં રાખીને ગઝલો સીધીસાદી ભાષામાં, મોટા ભાગે પરંપરાગત પ્રતીકોને ઉપયોગી, લખવાની નેમ રાખી છે. એક કવિ બીજા કવિઓ કે વિવેચકો માટે જ લખે એમાં હું માનતો નથી, એવા મર્યાદિત ભાષા વહેવારને સ્વીકારતો નથી. આ બાબતમાં અંગ્રેજ કવિ Adrian Mitchellની એક વાતને મેં હંમેશાં ધ્યાનમાં રાખી છે. પોતાના પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં તેમણે કહ્યું છે: "Most people ignore most poetry because most poetry ignores most people." બીજા એક અંગ્રેજ કવિ નું પણ કંઇક આવું જ કહેવું છે: "It is said of the antique trade that 95 per cent of its business is between dealers and does not involve the general public at all. It would be disastrous if the same were true of poetry."

આવું ન બને અને અહીંના લોકોને કવિતા અને ગઝલ સમજવામાં અને તેનો આનંદ માણવામાં મદદ મળે, લોકો એની સાથે જોડાયેલા રહે તે હેતુસર, કવિતા માત્ર જોડકણાં કે મજાકમશ્કરી ન બની જાય તે સભાનતા સાથે ગઝલમાં વપરાતી ભાષા અને ઘણીવાર વિષયોને પણ અમે બની શકે એટલા સરળ રાખવાનો પ્રયત્ન કરતા રહ્યા છીએ. ડાયસ્પોરા સાહિત્યની અને તેમાંયે કવિતા અને ગઝલોની આ દેખીતી સાદગી કદાચ અહીંના સાહિત્યને મૂલવનારા વિદ્વાનોની કસોટીમાંથી પાર ન ઉતરે, પણ મને, અમને સંતોષ એ વાતનો છે કે આવી સાદી ગઝલો અને બ્રિટનભરમાં અવારનવાર યોજાતા કવિ સંમેલનો તથા ગુજરાતી મુશાયરાઓ થકી અમે અમારી પ્રિય માતૃભાષાને અને એ રીતે અમારા ગુજરાતીપણાને પાંચ દાયકાઓ સુધી તો અહીં અંગ્રેજીના પ્રભુત્વવાળા માહોલમાં પણ જીવંત રાખી શકયા છીએ. આ ભાષા, અને આ ગુજરાતીપણું હજુ આગામી કેટલાંક વર્ષો સુધી અહીં જળવાય રહે તે માટે અનિલ જોશીના શબ્દોમાં "નવી પેઢી સમજે એવું સાહિત્ય સર્જવા માટે ભાષા બદલવી પડશે." (ઓપિનિયન જાન્યુઆરી ૨૦૧૩). 'બ્રિજરાતી' કે 'ગુજલિશ' જેવા ભાષા પ્રયોગો કરીને પણ અહીંના સર્જકથી ભાવુક સુધી પહોંચાતું હોય તો તેમ કરવામાં જરાયે ખચકાટ અનુભવવો જોઇએ નહીં.

મારા અગાઉના ત્રણ અપ્રાપ્ય ગઝલ સંગ્રહોમાંની મારી કેટલીક મનપસંદ કૃતિઓ સમેત, કેટલીક નવી ગઝલોને મારા આ ચોથા ગઝલસંગ્રહ રૂપે પ્રગટ કરી, મારી ગઝલોના ચાહકો અને ગઝલપ્રેમીઓ સુધી પહોંચાડતાં હું આનંદની લાગણી અનુભવું છું.

સંગ્રહ તૈયાર કરવામાં એક યા બીજી રીતે મદદરૂપ થયેલા મારા તમામ કવિમિત્રો અને સહાયકોનો આભાર માનું છું. પિતાને પગલે ચાલી કવિઓ અને કવિતાની કદર કરી જાણતા રન્નાદે પ્રકાશન, અમદાવાદના શ્રી હંમેશ મોદી અને તેમના કર્તવ્યનિષ્ઠ મૅનેજર મિનેશભાઈનો પણ છાપકામ અને વિતરણની જવાબદારી સ્વીકારવા બદલ હું આભારી છું.

***'મહેક' ટંકારવી***

બોલ્ટન, યુ.કે.
જાન્યુઆરી ૨૦૧૩

# પ્રેમરસ પ્યાલો

ટંકારીઆ હાઈસ્કૂલમાં અભ્યાસકાળ દરમિયાન પંદરેક વર્ષની વયે ભાઈ મહેક ટંકારવીનો ગઝલ સાથે પ્રથમ ભેટો - *ઈન્કાઉન્ટર* થયો. સન પચાસના ગાળામાં પાઠય પુસ્તકમાં તો માંડ કલાપીની *આપની યાદી* કે બાલાશંકરની *ગુજારે જે શિરે તારે* સમાવિષ્ટ હોય. પણ ગામમાં જે બેપાંચ સામયિકો મળે તેમાંથી ગઝલો શોધી અમે વાંચતા. હઝલસમ્રાટ બેકાર વરસેદહાડે અમારે ગામ એમની દીકરીને ત્યાં આવે ત્યારે અમે એમની પાસે બેસતા અને ચિરૂટ પીતાં પીતાં તેઓ ગઝલકારો અને મુશાયરાની વાતો કરે તે વિસ્મયપૂર્વક સાંભળતા. તે પછી ઉચ્ચ અભ્યાસ માટે ભાઈ મહેક અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગયા અને અંગ્રેજી સાહિત્ય સાથે સ્નાતક થયા. બે વર્ષ સુરતની એમ.ટી.બી. કોલેજમાં અભ્યાસ કરી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. આમ અંગ્રેજી સાહિત્યથી પણ તેઓ સુપરચિત થયા. કારકિર્દીના આરમ્ભે બારડોલી કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે બે વર્ષ સેવા આપી ત્યાં તેમને રમણ પાઠક, સરોજ પાઠક તથા નરેશ ઉમરીગરના પ્રત્યક્ષ સમ્પર્કનો લાભ મળ્યો. અંગ્રેજી-ગુજરાતી સાહિત્યના પરિશીલન અને સર્જકોના સંસર્ગથી એમનાં રસરુચિ ઘડાયાં અને ગઝલસર્જન પ્રક્રિયા સંકોરાઈ. ભાઈ મહેકની પ્રારંભિક ગઝલોને પરિષ્કૃત કરનાર આ બધાં પરિબળો. એમની ગઝલોના ભાવવિશ્વ અને નિરૂપણશૈલી પર આનો પ્રભાવ-*ઈમ્પૅક્ટ* જોઈ શકાય છે.

આ પાથેય લઈ ૧૯૬૬માં ભાઈ મહેક કાયમી નિવાસ માટે બ્રિટન આવ્યા. અહીં ગુજરાતી ગઝલની ધૂણી ધખાવી અને આજપર્યંત એને પ્રજવલિત રાખી છે. બ્રિટનની વ્યસ્ત ત્રસ્ત જીવનચર્યા દરમિયાન જે ગઝલસર્જન થતું રહ્યું તેની ફલશ્રુતિ રૂપે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ **પ્યાસ** (૧૯૭૨) ઉપલબ્ધ થયો. આ સર્જનપ્રક્રિયા એકાગ્રતાથી તિતિક્ષાપૂર્વક ચાલતી રહી તેથી ૧૯૮૦માં **તલાશ** અને ૨૦૦૬માં **પ્યાસથી પરબ સુધી...** પ્રકાશિત થયા.

**પ્યાસ - તલાશ - પરબ**ની ગઝલોમાંથી પસાર થઈએ એટલે આપણને ભાઈ મહેકના ગઝલકર્મનો સુરેખ આલેખ મળી રહે છે. એમની ગઝલોના ભાવવિશ્વમાં છે પરમતત્વને પામવાની આરત-આતુરતા, એ માટેની ખોજ-ખંખોળ, પરબ સુધીની પહોંચ, અને હવે એ પરબમાંથી પ્રેમરસનો પ્યાલો પી પરમતૃપ્તિ. આ પ્રવાસને આરમ્ભે કવિ 'સળગતા રણ'માં 'પ્યાસા

હરણ'ની તૃષા લઈને નીકળે છે. પાણીની તલાશમાં 'રણમાં, ક્ષણમાં, કોઈના ચરણમાં' ભટકે છે. આ 'રઝળાટ' પરબ મળતાં પૂરો થાય છે. ધોમધખ તાપમાં શીતળ 'ઝરણની સંગત' મળે છે. એના જળની મીઠાશથી મસ્તીની અનુભૂતિ થાય છે તેમાંથી ગઝલ સર્જાય છે. ઉમાશંકર જોશી કહે છે: 'મસ્તી વગર કવિતાની યોગ્ય ભૂમિકા જ સંભવતી નથી. મસ્તી એટલે જગતને, વ્યવહારને સાપ કાંચળી ઉતારી ફેંકી દે એમ ફેંકી દેવાની શક્તિ' મસ્તી એજ મુક્તિ. એટલે ભાઈ મહેક કહે છે:

પગમાં હતી જે બેડીઓ, ફંગોળી જાઉં છું
રસમોની જંજીરોને હવે તોડી જાઉં છું

ભાઈ મહેકની ગઝલ વિભાવનાનો ઝોક પરમ્પરા અને પ્રયોગ વચ્ચે સંતુલન જાળવવા તરફનો છે. મકરન્દ દવે સૌન્દર્ય બોધ, આગવી અભિવ્યક્તિ, સંગીતમયતા અને અધ્યાત્મને ગઝલના અનિવાર્ય અંગો ગણે છે. મહેકની ગઝલોમાં આ તત્વો તો ખરાં જ. પરન્તુ **પ્યાસ**ની પ્રારમ્ભની ગઝલોમાં પણ આધુનિકતાનાં લક્ષણો અજવાળું કે અવાજ રદીફની સાતત્યપૂર્ણ ગઝલોમાં વરતાય છે. પરંપરાને જાળવી પ્રયોગ કરવાના આ અભિગમની નોંધ લેતાં લબ્ધપ્રતિષ્ઠ વિવેચક ડૉ. રમેશ એમ. ત્રિવેદી કહે છે: 'ભાઈ મહેક એમની રીતે ગઝલની માવજત કરી રહ્યા છે. એમની ગઝલોમાં પરંપરામાં રહીને પણ અભિવ્યક્તિની તાજપ મળે છે.' તસવ્વુફ સાથે તદ્રૂપ સર્જકચેતના આ ગઝલોના ભાવવિશ્વને આધ્યાત્મિક પરિમાણ બક્ષે છે તો પ્રાસાદિક બાની અને સરળ નિરૂપણશૈલી એની અભિવ્યક્તિને ચોટદાર બનાવે છે.

ગઝલ એટલે ગુફ્તેગો - ગોષ્ઠી. મહેક સરળ, બોલચાલની બાનીથી ભાવકના ઊર્મિતંત્રને સ્પંદિત કરે છે અને તેનામાં સમસંવેદન જગાડે છે. સુખનફહેમ શ્રોતા સાથે સંવાદ રચવાની આ ખેવનાને લીધે એમની ગઝલો દુર્બોધ બનતી નથી, પ્રત્યાયનક્ષમ રહે છે. એની રજૂઆત મુદ્રિત અને મુશાયરામાં બન્ને રીતે આસ્વાદ્ય બને છે. અમૃત ઘાયલ કહેતા કે, 'મારી તલાશ ગઝલના અપાર્થિવ સૌન્દર્યને રોજિંદી વાણીને ઉંબરે સત્કારવાની છે.' ભાઈ મહેકના ગઝલસર્જનમાં આ જ ગંતવ્ય (target) તરફની ગતિશીલતા જણાય છે.

મહેકની ભાષાપ્રીતિ ગઝલસર્જન સુધી સીમિત રહી નથી. ૧૯૬૬માં બ્રિટન આવ્યા ત્યારથી જ એમણે અહીં ગુજરાતી ભાષા-સાહિત્યને જીવંત રાખવા અને વિકસાવવા જે પુરુષાર્થ આદર્યો તે અદ્યાપિપર્યંત ચાલે છે. બ્રિટનમાં પ્રથમ ગુજરાતી મુશાયરો પણ એજ સાલમાં યોજાયો. ૧૯૭૩માં મહેક ટંકારવી અને કદમ ટંકારવીએ અન્ય કવિમિત્રોના સહયોગથી 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'ની સ્થાપના કરી. આ સંસ્થા મુશાયરાના આયોજન ઉપરાંત સર્જનશિબિર, સર્જકસન્માન, પુસ્તક પ્રકાશન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

ગિલ્ડની સ્થાપનાના પ્રેરક શેખાદમ આબુવાલા. ૧૯૭૩માં શેખાદમ જર્મનીથી બ્રિટનના પ્રવાસે આવેલા ત્યારે મહેક, કદમ તથા અન્ય ગઝલકારોની સર્જનપ્રવૃત્તિને બિરદાવતાં તેમણે કહ્યું હતું: 'આ ગઝલકારો લૅન્કેશિયરની હવામાં ગુજરાતની મહેક ભરી રહ્યા છે.' ત્યારે તો ગિલ્ડ માત્ર બીજરૂપે હતું. તે પછીનાં વર્ષોમાં મહેક-કદમના માર્ગદર્શન હેઠળ અન્ય કવિમિત્રોના અથાગ પ્રયાસોને પરિણામે એ વિકસીને વટવૃક્ષ બન્યું છે. બ્રિટનની ભાતીગળ વનરાજિમાં ગુજરાતનો વડલો, અને એ વડને છાંયડે મહેકની પરબ. આ પરબ પાણીની નથી, પ્રેમરસની છે. તૃષાતુર વટેમાર્ગુ પોતાનો હૃદય-પ્યાલો ભરી લે અને પરિતોષ પામે. અગાઉ સૂફી શાયરી અને સંત સાહિત્યમાં પ્યાલાનું રૂપક પ્રયોજાયું છે - પ્રેમરસથી છલોછલ હૃદયના સંકેતરૂપ. દાસી જીવણ 'પ્યાલો' ગાતાં કહે છે:

દયા કરીને મુંને પ્રેમે પાયો,
મારી નેનુમાં આયા નૂર
    પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...

આજે એકવીસમી સદીમાં મહેક ટંકારવી આવાં અનેક રૂપકો દ્વારા ગુજરાતી ગઝલનું પુન: સૂફીસંત પ્રણાલી સાથે અનુસન્ધાન રચી આપે છે.

બ્રિટિશ ગુજરાતી સાહિત્યમાં મહેક ટંકારવીનું પ્રદાન દ્વિવિધ છે. ગઝલની પરમ્પરાનું જતન કરનાર ગઝલકાર તરીકે અને બ્રિટનમાં ગુજરાતી ભાષા-સાહિત્યની જાળવણી માટે સતત મથનાર મોભી તરીકે. ૯ જુલાઈ ૧૯૭૩ના રોજ ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ની સ્થાપના ટાણે શેખાદમે કહેલું: 'આ એક ઐતિહાસિક ઘડી છે.' તે પછીના ચાર દાયકા દરમિયાન બ્રિટિશ ગુજરાતી ભાષાસાહિત્યનો એક ઈતિહાસ રચાયો. આ ઈતિહાસ

સર્જનાર અગ્રિમો પૈકીના એક તે મહેક ટંકારવી.

***અદમ ટંકારવી***

બોલ્ટન, યુ.કે.
ફેબ્રુઆરી ૨૦૧૩

---

**નામ તારું...**

મત્લામાં નામ તારું, મક્તામાં નામ તારું
મારી ગઝલના હર એક મિસરામાં નામ તારું

તારું જ નામ ગુંજે મંદિરમાં, મસ્જિદોમાં
કાશીમાં નામ તારું, કાબામાં નામ તારું

## કઈ ગઝલ કયા પાને...

1. આપી તો પ્યાસ અમને... .......14
2. પ્યાસ ભટકે છે... .................15
3. અજવાળું .........................16
4. આંખો રડી પડી અને............17
5. એકાંતમાં .........................18
6. રવિવાર ...........................19
7. વસતીમાં ના મળે ને... ..........20
8. ઈંટો...............................21
9. મારું મકાન .......................22
10. રોશનીની વાત ન કર ...........23
11. ...કે પછી વીરડી મળે ...........24
12. પ્રતિબિંબને પિછાણી લે.........25
13. તે પ્યારની વાતો શું જાણે ........26
14. હું મહેક પ્રસારું છું ...............27
15. શ્રદ્ધાના દીવા... ..................28
16. મુહોબત કરી છે..................29
17. શું કરશું?.........................30
18. ફૂગ્ગો ફૂલેલો! ....................31
19. હે મનવા!.........................32
20. કેટલી ભારે ભીડ જામી છે! ......33
21. તે ગલીના રહી! ..................34
22. તે ગામ શોધું છું... ...............35
23. ઇશ્કની આગ... ..................36
24. હું છું ને તું છે... ..................37
25. જિંદગીની ચાર ઘડી... ...........38
26. દરિયાથી દિલ્લગી છે તો... ......39
27. મયકદાને છોડી દે! ...............40
28. આંધળા અસવાર!................41
29. અજબ છે આ દુનિયા............42
30. બંધન ન જોઈએ..................43
31. દુનિયા મળે કે ના મળે ..........44
32. આ શેની છે મારામારી ..........45
33. તે સ્વજન ક્યાં ગયું..............46
34. કારણ વિના ઉદાસ છે ...........47
35. નમ બની જા .......................48
36. પ્રેમ, બસ પ્રેમ... .................49
37. સપનમાં સરવાનું.................50
38. પ્યાલો ભર્યા વિના................51
39. કંકર નીકળે .......................52
40. આપણે મીરા......................53
41. બધું તારું જ છે...................54
42. કોણ માનશે .......................55
43. ફાવી નહીં શકો ...................56
44. આ છે તારી મે’રબાની...........57
45. દુનિયા તો ઠગારી છે! ...........58
46. સાવધાની લઈને આવ્યો છું......59
47. હવે તો ક્યાં ભરોસો છે? ........60
48. જળની ખરી મીઠાશ... ...........61
49. મૃગજળનું મયખાનું... ...........62
50. સામાન સો બરસ કા... ..........63
51. કાફિયા વહેંચાય છે ...............64
52. પ્રેમનો પાઠ... ....................65
53. લાખ વાતોનો ગમ છે ...........66
54. આ દુનિયા ગમી મને! ...........67
55. ચાલતા થવાનું છે .................68
56. નામ તારું... ......................69
57. દિલ છે તૂટી જશે તો... ..........70
58. મેલાઘેલા થઈ ગયા..............71
59. ઝેરના કટોરામાં...................72
60. વરસ્યા કરું છું ....................73
61. સદાયે નીચા નમી નમીને........74
62. જીવન છે બુદબુદા સમું..........75
63. સઘળું લુંટાવી બેઠો છું............76
64. પ્યાર જેવું કંઇ નથી ..............77
65. ક્યાં સુધી..........................78
66. ઘર ખોઈ બેઠો છું.................79
67. લૂંટાવીને તો જુઓ ...............80
68. ચાદર વણાઈ ગઈ છે.............81
69. હિંમત કર હવે ....................82
70. જખ્મોનો જમેલો..................83
71. છોડી જાઉં છું ....................84
72. મૃગજળ વચ્ચે .....................85
73. सरहद की दोनो ओर.............86
74. દીકરીની વિદાય વેળાનું ગીત ...87

## શેર:

કેવી હતી એ પ્યાસ ન પૂછો 'મહેક'ને
ભીનાશ પણ રહી નથી એકેય જામમાં

***

એમાં ભળ્યો છે રંગ અમારા જ લોહીનો
ના કેમ ગુલાબોથી ચમન ઝળહળી ઊઠે

***

બંધન હશે જો પ્રેમનું મુક્તિ મળી જશે
માનવ-હૃદયને પ્રેમની જંજીર જોઈએ

***

મળશે ન કયાંય આપને સંબંધની સુવાસ
એ નામનું ગુલાબ તો ખીલતું નથી હવે

***

'મહેક' જાશે તજી દુનિયા, તમે શું ખાક રડશો કે-
કફનના તાર પણ થઈને જુદા રડશે જનાજામાં

***

મળે જો એમનો પાલવ તો વહી જાઓ હે આંસુઓ
નયનમાં રહીને શું કરશો નયન એક કેદખાનું છે

***

ઘડી કે બે ઘડી તું પણ ચડી લે ચકડોળે
ઉલી જશે, છે આ મેળો, અહીં મુકામ ન કર

***

એને આ બદલાતી મોસમથી કશી નિસ્બત નથી
ફૂલ તારી યાદનું કયારેય કરમાતું નથી

***

છે બધે પાણી જ પાણી પણ તરસ છીપે નહીં
મૃગજળોના મુલ્કમાં કયાંથી અમે આવી ગયા

***

શું મળ્યું ત્યાગી તિમિરને, એજ સમજાતું નથી
એટલું અજવાળું છે કે કંઈજ દેખાતું નથી

***

એક ઠોકર રાહની ભારે પડી અમને 'મહેક'
બે કદમ છેટે હતી મંઝિલ ને પ્હોંચાયું નહીં

***

બ્હાર કાઢી પાંચ પંદરને 'મહેક'
આપણે અંદરથી ખાલી થઈ ગયા

## મુક્તક:

આપણે સૌ દંભ આડંબર મહીં જીવી રહ્યા
ઝેર હૈયામાં, છતાંયે હોઠથી હરખાઇએ!
હોઠ ને હૈયાની વચ્ચે કેટલું અંતર વધ્યું
આપણે જેવા છીએ, કયારેય ના દેખાઇએ!

***

કયારેક ધ્યાનથી જો તમે સાંભળી જુઓ
સંભળાય છે કહાણીઓ કબ્રોની ધૂળમાં
માનવની કેટલીયે અધૂરી મુરાદની
દેખાય છે નિશાનીઓ કબ્રોની ધૂળમાં

***

ન તૂટે છે સંબંધ જે તોડવાથી
ને આદત ન છૂટે છે જે છોડવાથી
તે આદત છૂટી ગઇ, સબંધો ય તૂટયા
ફકત આપનાથી સબંધ જોડવાથી

***

સમયની લગાડી ભસમ તે છતાં પણ
ને ધીરજનું ઘસ્યું મલમ તે છતાં પણ
જે મિત્રોએ દીધા જખમ તે ન રૂઝયા
થયો પૂરો આખો જનમ તે છતાં પણ

***

પ્રેમનો જે ઘડી ઝિકર ચાલે
નાચે પ્યાલી મહીં મદિરા પણ
જીભ અટકી છતાં ઝિકર ચાલુ
અલ્લા અલ્લા કરે છે મણકા પણ

***

દોરા-ધાગા, જાદુ-મંતર નીકળે
સાતસો છયાશીનું જંતર નીકળે
ઘર તળે ઉપર કરી નાંખો અને
વ્હેમના ઘરમાંથી ઉંદર નીકળે

***

નીકળી પડયા ઘરેથી લઇ શ્રદ્ધાની પોટલી
કાશી સુધી ગયા, કોઇ કા’બા સુધી ગયા
તારી કૃપા તો વહેતી હતી ઘરને આંગણે
ને લોક એને પામવા કયાં કયાં સુધી ગયા

## આપી તો પ્યાસ અમને...

આપી તો પ્યાસ અમને પ્યાસા હરણની આપી
ને જિંદગી સળગતા વેરાન રણની આપી

નજરોથી દૂર મંઝિલ, રસ્તા કઠિન તેં આપ્યા
બળતા બપોરે સંગત સૂકા ઝરણની આપી

સ્વપ્નો તણી ખુશી પણ દુનિયાએ લૂંટી લીધી
રાતો વિરહ-વ્યથાની ને જાગરણની આપી

નિશ્વાસ ઉરને દીધા, જખ્મો જિગરને આપ્યા
આંખોને રોશની પણ શી અશ્રુકણની આપી

દુ:ખદર્દ વેદનાની નો'તી કમી જીવનમાં
શાને ખુદા તેં કપરી ઘડીઓ મરણની આપી

રચવી હતી કથાઓ, કરવા'તા જો તમાશા
શાને આ જિંદગી તેં બે ચાર ક્ષણની આપી

નાહક 'મહેક'ને આ નિષ્ઠુર જગત મહીં તેં
કોમળ આ લાગણીઓ અંત:કરણની આપી

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## પ્યાસ ભટકે છે...

આરજૂઓ ઉદાસ ભટકે છે
આશ થઈને નિરાશ ભટકે છે

સૂક્કાં, સળગી રહેલ રણ માંહે
પ્યાસા હરણાંની પ્યાસ ભટકે છે

એમ ઉજડેલ મારા જીવનમાં
સ્મૃતિઓની સુવાસ ભટકે છે

કોઇ ઉજડી ગયેલ ઉપવનમાં
જાણે ફૂલોની વાસ ભટકે છે

દિલ મહીં મારા એક મુદ્દતથી
દર્દગમની અમાસ ભટકે છે

સૂર્ય ડૂબી ગયો છે દરિયામાં
તોય એનો ઉજાસ ભટકે છે

આવી આવી વમળ 'મહેક' આજે
નાવની આસપાસ ભટકે છે

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## અજવાળું

કેમ ભટકી રહ્યું છે અજવાળું
રાહ ભૂલી ગયું છે અજવાળું

રોશની એટલી વધી ગઇ કે
આંધળું થઇ ગયું છે અજવાળું

દૂર કરવા જતાં તિમિરને જુઓ
ખુદ આ ઝાંખું થયું છે અજવાળું

થરથરે છે, એ રીતે કાંપે છે
જાણે કે બ્હી ગયું છે અજવાળું

શોધવા નીકળી પડયા છે લોક
કયાંક ચાલી ગયું છે અજવાળું

જ્યાંથી આવ્યું'તું ત્યાંજ પાછું હવે
આખરે જઇ રહ્યું છે અજવાળું

જ્યોત અંતરની ઝળહળે છે 'મહેક'
દૂર છોને થયું છે અજવાળું

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## આંખો રડી પડી અને...

આંખો રડી પડી અને રેલાય છે અવાજ
છે બંધ હોઠ તોય વહી જાય છે અવાજ

બોલ્યાં તમે એ વાતને વર્ષો વહી ગયાં
દિલમાં હજીય કેમ એ પડઘાય છે અવાજ

નહિતર આ અંધકારમાં રસ્તો જડે નહીં
થઈને પ્રકાશ કોઈનો પથરાય છે અવાજ

છે એમનાથી તો એ પરિચિત ઘણો છતાં
દિલની છે વાત એટલે શરમાય છે અવાજ

હોઠોનું સ્મિત, આંખના મદમસ્ત ઈશારા
શબ્દો વિનાય આજ તો સંભળાય છે અવાજ

દિલની દીવાલો ગુંજતી થઈ જાય છે 'મહેક'
જો એની યાદનો કદી અથડાય છે અવાજ

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*
*આ ગઝલને મનહર ઉધાસનો કંઠ મળ્યો છે અને તેમના "અવાજ"*
*નામના આલ્બમમાં સ્થાન મળ્યું છે જે મારા માટે આનંદની વાત છે.*

## એકાંતમાં

દિલમાં કંઇ કંઇ થાય છે એકાંતમાં
મન ઘણું મૂંઝાય છે એકાંતમાં

ભૂલવા જેને ચહું છું એ જ તો
યાદ આવી જાય છે એકાંતમાં

ભૂતના ભુલાયલા પડઘાઓ પણ
કાન પર અથડાય છે એકાંતમાં

અવનવી કંઇ ઊર્મિઓની દિલ મહીં
ભીડ જામી જાય છે એકાંતમાં

હું જ ને 'હું'નો પરિચય પણ જુઓ
થાય છે તો થાય છે એકાંતમાં

કામનાના સુપ્ત કીડાઓ 'મહેક'
નિત્ય જાગી જાય છે એકાંતમાં

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## રવિવાર

થન થન કરીને નાચતો આવે છે રવિવાર
આનંદ, મુક્તિ, તાજગી લાવે છે રવિવાર

કંઇ કેટલાં વિખૂટાં મિલાવે છે રવિવાર
ભૂલી બધુંયે ઈદ મનાવે છે રવિવાર

ઓળંગી દીવાલો કોઇ કેદીની પેઠ એ
સાંજે ઘરોથી નીકળી નાસે છે રવિવાર

ઊભરાય છે સડકો ને સિનેમાઘરો બધે
હર હર જગાએ શ્હેરમાં મ્હાલે છે રવિવાર

ઊતરે છે જાણે આભથી પરીઓનાં ઝુંડ ઝુંડ
ખુશબોમાં તરબતર થઇ નાચે છે રવિવાર

થઈને અપંગ ખાલી ઘરોમાં પુરાયલો
ખાંસે ઘડી ઘડી અને હાંફે છે રવિવાર

ઘસડાય છે નિજ ધામ પ્રતિ અંધકારમાં
થઇ લોથપોથ નીંદમાં પોઢે છે રવિવાર

મુડદાં બધાંયે જીવતાં થઇ જાય છે 'મહેક'
સંજીવની અજબની લઇ આવે છે રવિવાર

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## વસતીમાં ના મળે ને...

વસતીમાં ના મળે ને મળી જાય એ રણમાં
યુગોમાં ના મળે ને મળી જાય એ ક્ષણમાં

દૃષ્ટિ વિના તો થાય ના દર્શન પહાડમાં
દૃષ્ટિ જો હોય છે તો એ દેખાય છે કણમાં

દુનિયાથી, એની રીતથી, રસ્મોથી, લોકથી
આવ્યો છું હું થાકીને ખુદા તારા શરણમાં

પીઉં ન કેમ એમાંથી પ્યાલા ભરી ભરી
કૃપા ભળી છે આપની ઝમઝમના ઝરણમાં

મકસદ હતો કે આપની સાથે રહી શકું
રજકણ બનીને ચોંટી ગયો તેથી ચરણમાં

એના મિલનની વાત વિગતવાર શું કહું
એ ભાન કયાં હતું કે રહે વાત સ્મરણમાં

પડયો છે ફેર એટલો કે ફેર ના રહ્યો
એક આપના વિના હવે જીવન કે મરણમાં

બાકી હતા જે સત્યના પડઘા શમી ગયા
હસ્યા કરે છે જૂઠ હવે વાતાવરણમાં

ભટકયા કરો છો ખૂબ 'મહેક' ધ્યાન રાખજો
ખોવાય ના જાઓ તમે ઈચ્છાઓના રણમાં

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## ઈંટો

પ્રથમ એક પર એક ખડકાય ઈંટો
પછી કેદ ભીંતોમાં થઈ જાય ઈંટો

દીવાલેથી તારી છબી જો ખસેડું-
સજળ થઈને ખળખળ વહી જાય ઈંટો

પથારીમાં હું ગણગણું જો કશું તો
તરત કાન દઈ સાંભળી જાય ઈંટો

ખમે ભાર વરસોના વરસો સુધી એ
ભલે કાચી માટીની ક્હેવાય ઈંટો

બધું ઈંટમય થઈ ગયું આખરે, લ્યો
નથી તે છતાં પણ જો, દેખાય ઈંટો

ઈમારત બની જાય ખંડેર અંતે
કથારૂપ બાકી રહી જાય ઈંટો

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## મારું મકાન

ધૂળમાં, ધુમ્મસમાં મેલું થાય છે મારું મકાન
ને કદી વરસાદમાં ધોવાય છે મારું મકાન

હું રહું પૂરાયેલો એમાં અહર્નિશ તે છતાં
શોધમાં મારી જ નીકળી જાય છે મારું મકાન

એ મને શોધે અને એને હું બસ શોધ્યા કરું
હું જડું ક્યારેક તો ખોવાય છે મારું મકાન

એના મનમાં એમ કે બસ હું સતત બોલ્યા કરું
હું રહું જો મૌન તો અકળાય છે મારું મકાન

બહાર અંધારામાં શીતળ શૂન્યતા વ્યાપી જતાં
શ્વેત ચાદર ઓઢીને સૂઈ જાય છે મારું મકાન

અધખૂલી બારી મહીંથી જો કદી ડોકાય તો
ભેટવા કિરણને દોડી જાય છે મારું મકાન

એને હૈયે પણ વસી ગઈ આખરે સંવેદના
આંસુઓ હું સારું તો ભીંજાય છે મારું મકાન

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## રોશનીની વાત ન કર

સમજશે કોઈ નહીં દિલ્લગીની વાત ન કર
સીવી લે હોઠ ખુશી કે ગમીની વાત ન કર

હું દિલનો, દર્દનો, ગમનો, જખમનો ચાહક છું
નથી સબંધ ખુશીથી, ખુશીની વાત ન કર

ભીંજાય સ્હેજમાં તે દિલ હવે નથી રહ્યાં
ન મળશે લાગણી, તું લાગણીની વાત ન કર

એ અંધકારના દરિયાઓ પીને બેઠું છે
ઘુવડની સામે કદી રોશનીની વાત ન કર

હરેક શ્વાસમાં સંભળાય મૃત્યુનો પગરવ
બહુ થયું તું હવે જિંદગીની વાત ન કર

ભરીને પી લીધો છે મેં તો પ્રેમરસ પ્યાલો
તું મારી પાસે હવે મયકશીની વાત ન કર

ન જેમાં દિલ ઝૂકે મસ્તકની સાથ સાથ 'મહેક'
તું એવા સિજદા અને બંદગીની વાત ન કર

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## ...કે પછી વીરડી મળે

માગું છું હું કે ફૂલ-પવનની યુતિ મળે
બસ છે, સુગંધવાળી મને જિંદગી મળે

જેમાં હું નિજને ઓળખું ડૂબીને મન મહીં
એકાદ એવી પણ અજાણી કો ઘડી મળે

હું પણ સમીપ આવી શકું તારી હે સનમ
કો' ઓલિયાના જેવી મને બંદગી મળે

રંગી લઉં હું તૃપ્તિથી આંખોને એકવાર
બસ એક ક્ષણ તમારા મિલનની કદી મળે

આઠે પ્રહર હું આપનું દર્શન કર્યા કરું
બીજું કશું નહીં તો તમારી છબી મળે

મળતી રહે ગગનને મળે છે જે રીતથી
હું ક્યાં ચહું છું નિત્ય મને ચાંદની મળે

રસ્તાઓનો રહ્યો ન હવે મારે ભેદભાવ
જે રસ્તે પણ હું જાઉં તમારી ગલી મળે

તરસ્યા કરે 'મહેક' આ રણમાં તો ક્યાં સુધી
કાં વાદળી મળે કે પછી વીરડી મળે

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## પ્રતિબિંબને પિછાણી લે

તું નથી જેને જુએ રોજ એ તું જાણી લે
આયનો તોડ, પ્રતિબિંબને પિછાણી લે

જોઈએ કોણ બચાવે છે બદનસીબીથી
નાવ પણ આપણી તો થઈ ગઈ છે કાણી લે

પ્રેમની ઓઢીને ચાદર બહાર નીકળી જા
બર્ફિલી સાંજની શીતળતાને ય માણી લે

આજતક તો બધી દુનિયાની ખબર રાખી છે
બસ હવે તારી ખબર રાખ, ખુદને જાણી લે

કોઈનાં આંસુઓ એમાં જરૂર ટપકયાં છે
થઈ ગયું ગામ કૂવાનું ય ખારૂં પાણી લે

અંતમાં હોઠ બધાના રહી ગયા પ્યાસા
જે હતું એ બધું તો ઝાંઝવાનું પાણી લે

આવે યમદૂત હુકમ લઈને એ પ્હેલાંજ 'મહેક'
આંખને બંધ કરી દે ને કફન તાણી લે

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી…'માંથી.*

## તે પ્યારની વાતો શું જાણે

દિલ હોય નહીં, ના હોય દરદ, દિલદારની વાતો શું જાણે
ના હોય જિગર, ના હોય જખમ, તે પ્યારની વાતો શું જાણે

જે પ્રીત ન સમજે, દર્દ ન જાણે, પ્રેમ દીવાની મીરાનું
તે ઝેર કટોરા પીને પણ જીવનારની વાતો શું જાણે

સમજે ન ફકીરોની મસ્તી, મદમસ્ત કલંદરની હસ્તી
તે શૂળી ચઢી મન્સૂર તણા લલકારની વાતો શું જાણે

ગફલતની જે ચાદર તાણીને આરામથી રાતે ઊંઘે છે
તે યાદમાં તારી જાગીને રડનારની વાતો શું જાણે

ના પ્રેમ કદી કર્યો જેણે, ના આહ ભરી ફરિયાદ કરી
તે હાથ મહીં અંગાર લઈ ફરનારની વાતો શું જાણે

રણમાં જે રહીને મૃગજળથી બસ પ્રેમ કરીને બેઠા છે
તે પાણી વહેતાં ઝરણાંનું પીનારની વાતો શું જાણે

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી…'માંથી.*

## હું મહેક પ્રસારું છું

મારી જ છબી મારા હાથોએ બનાવું છું
એક રંગ લગાડું છું, એક રંગ ઉતારું છું

ડર હોય તમોને જો, ઊઠીને જતા રહેજો
જખ્મોની કિતાબોનાં પાનાં હું ઊઘાડું છું

છે કાચની બંગડી સમ આ આપણાં સબંધો
તૂટી રખે ન જાયે, બ્હી બ્હીને નિભાવું છું

દુનિયાના ફરેબોની પ્હેચાન મળી ગઈ છે
દુનિયાને હવે તો હું, હાથોમાં રમાડું છું

ક્હી દો આ જમાનાને, તૈયાર કરે ફાંસી
મન્સૂરની માફક હું, અ્હાલેક જગાવું છું

ચંદન બની ઘૂંટાયો છું એમના હાથે હું
તેથી જ તો મ્હેફિલમાં, હું 'મહેક' પ્રસારું છું

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## શ્રદ્ધાના દીવા...

નામ જે હોઠથી રેલાય છે શ્રદ્ધા થઈને
એજ ચમકે છે હૃદયમાં પછી દીવા થઈને

કોણ ઓળખતું હતું નગરીમાં તારી અમને
ખૂબ પંકાયા અમે તારા દીવાના થઈને

કોઈ લણનારીના ગીતોના લહેકા થઈને
દર્દ સચવાઈ ગયું સીમમાં ટૌકા થઈને

ચૈત્રનો તાપ બની તેં જ તો સૂકવી નાંખ્યો
તું જ ભીંજવી દે હવે શ્રાવણી વર્ષા થઈને

જેમને ફૂલની માફક અમે ઊંચકી રાખ્યા
એજ ડંખી ગયા અમને પછી કાંટા થઈને

એક પીંછું જે બન્યું મારા મુગટની શોભા
લોકના દિલ મહીં ભોંકાયું તે ઈર્ષ્યા થઈને

એ ન ભૂંસાય 'મહેક' લાખ કરો કોશિશ પણ
જખ્મ જે દિલમાં રહી જાય છે ડાઘા થઈને

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## મુહોબત કરી છે...

ન પૂછો નયનમાં છે આ કેફ શાનો
અમે તો નશીલી મુહોબત કરી છે
કહું કેમ રસમય છે જીવન અમારૂં
અમે તો રસીલી મુહોબત કરી છે

અમારા જીવનમાં અજબ ખુશખુશાલી
છે સંધ્યાના રંગો, ઉષાની છે લાલી
અમે હેતની હોળીએ ખેલશું કે-
અમે તો રંગીલી મુહોબત કરી છે

અમે ડર વિના જંગલોમાં ભટકશું
કહેશો તો જઇ ખોદશું પ્હાડને પણ
અમે હર્ષઘેલા, ન છે ભાન અમને
અમે પેલવેલ્લી મુહોબત કરી છે

અમે નાચવા માંડીએ ભરબજારે
અમે ગાઈએ ગીત એના મિલનનાં
રિવાજોની અમને જરાયે પડીના
અમે તો છકેલી મુહોબત કરી છે

ભલે કેદ પૂરો કે અગ્નિમાં નાંખો
ભલે શૂળીએ પણ ચઢાવો અમોને
નહીં મૂકીએ માર્ગ એની ગલીનો
અમે તો હઠીલી મુહોબત કરી છે

કટોરા અમે ઝેરના ઘોળીએ તો
અનલહક અનલહક અમે બોલીએ તો
તમે એમ સમજી ક્ષમા આપજો કે
અમે છેલવેલ્લી મુહોબત કરી છે

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## શું કરશું?

આપણા હાથમાં રેતીના છે કણ શું કરશું
પાણીની જેમ વહી જાય છે ક્ષણ શું કરશું

એજ તૃષા ને વળી એજ છે રણ શું કરશું
વીરડી સૂકી ને સૂક્કાં છે ઝરણ શું કરશું

આપણે મૃગજળો પાછળ દિવસ ને રાત પડયા
ને પડયું આપણી પાછળ તો મરણ શું કરશું

એ ખરૂં દૂર નથી એમનું ઘર અહીંયાંથી
આંખ થાકી છે ને થાકયાં છે ચરણ શું કરશું

મોકલે રોજ એ ખત ને જવાબ માંગે છે
પણ રહ્યા આપણે તો સાવ અભણ શું કરશું

ભૂલવા નામ ગયા જેનું અમે જંગલમાં
ઝાડ ને પાન કરે એનું સ્મરણ શું કરશું

લોભની ડાકણો વળગી છે મનની કીડીને
કણ મળે તે છતાં માંગે છે એ મણ શું કરશું

છે આ નાહકની બધી દોડ 'મહેક' તેમ છતાં
મન હજી આપણું પ્યાસું છે હરણ શું કરશું

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## ફૂગ્ગો ફૂલેલો!

આ કૂજો છે કાણો, ભલે છે ભરેલો
આ શ્વાસો તો જાણે છે પાણીનો રેલો

આ વિચ્છિન્નતા, ખાલીપો, આ અજંપો
જીવન છે કે છે કોઇ મેળો ઉલેલો

હવા એટલી તો ભરી છે હુંપદની
આ માણસ તો જાણે કે ફૂગ્ગો ફૂલેલો

છે ભીતરમાં તો સાવ ખાલી બિચારો
ઉપરથી જ લાગે ભરેલો ભરેલો

મુકદ્દરમાં ઠોકર નહીં તો બીજું શું
હતો આદમી તો ભણેલો ગણેલો

પવન સાથ ઊડી ગઇ પાઘડીઓ
રહ્યો ડાયરો ના કસુંબલ કે ડેલો

'મહેક' આજતક ભીડમાં ભેળવાયા
ચલો છોડી જઇએ હવે આ ઝમેલો

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## હે મનવા!

રાત પડે ને કીડીઓની આ ચટક ચટક હે મનવા
સમજ પડે શું થાય છે અંદર ખટક ખટક હે મનવા

કેમ ઉજાડી દીધું, મૂક્યું કેમ સદનને સૂનું
ઘરને ખૂણે ખૂણે જાળાં લટક લટક હે મનવા

એકલ દોકલ જોઇ શિકારી કૂતરા પાછળ પડશે
છોડી દે સત્સંગ વિનાની ભટક ભટક હે મનવા

પાપોના કાળા ધબ્બા એ ધીરે ધીરે ધોશે
આંખથી ઊનાં અશ્રુની આ ટપક ટપક હે મનવા

સાંજ ઢળી ગઇ બેસી જાઓ કો વડલાને છાંયે
યાદોને મમળાવે રાખો મટક મટક હે મનવા

સાવધ રહેજે, ઓચિંતું એ આવી ઊભું રહેશે
મૃત્યુની તો અણદીઠી છે લપક લપક હે મનવા

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## કેટલી ભારે ભીડ જામી છે!

ડોકિયું તો કરી જો ભીતરમાં, કેટલી ભારે ભીડ જામી છે
બ્હાર કરતાં વિશેષ અંતરમાં, કેટલી ભારે ભીડ જામી છે

કોણ કહે છે કે એકલો છે તું, કોણે કહ્યું કે છે અહીં એકાંત
જેને સમજે તું ખાલી એ ઘરમાં, કેટલી ભારે ભીડ જામી છે

એકધારી છે એમાં કૂદાકૂદ રંગબેરંગી માછલીઓની
મનના આ છીછરા સરોવરમાં, કેટલી ભારે ભીડ જામી છે

ભાવતું કંઈક હાથ લાગ્યું છે એટલે લાગી છે જુઓ લંગાર
એક નાનકડા કીડીના દરમાં કેટલી ભારે ભીડ જામી છે

જિંદગીભર કણસતા રહ્યા તો આંગણે કોઈ પણ ન દેખાયું
શ્વાસ પૂરા થતાં જ પલભરમાં કેટલી ભારે ભીડ જામી છે

*ત્રીજા ગઝલસંગ્રહ “પ્યાસથી પરબ સુધી...’માંથી.*

## તે ગલી ના રહી!

આ હૃદયમાં ખુશી કે ગમી ના રહી
જીવવા જેવી આ જિંદગી ના રહી

શું કરું આ વસંતોને હું શું કરું
ફૂલમાં રંગ-બૂ તાજગી ના રહી

ના હવે તે ઝરૂખો, ન તે મેહઝબીં
ચાંદ પણ ના રહ્યો, ચાંદની ના રહી

કોણ કરશે હવે દૂર અંધારને
દીપકો તો જલે, રોશની ના રહી

ભવ્ય મસ્જિદ ને ઊંચા મિનારા બધે
સાચી જેને કહો બંદગી ના રહી

તસ્બી તોબાની તો છે ફકત જીભ પર
સાચી તોબા કે શરમિંદગી ના રહી

આંખ નમ ના રહી, દિલ નરમ ના રહ્યાં
પરદુ:ખે જે રડે, આંખડી ના રહી

ગામ ચારે તરફ વિસ્તરી તો ગયું
જ્યાં રમ્યા આપણે તે ગલી ના રહી

દાયકા એકમાં શું નું શું થઇ ગયું
છાપરી ના રહી, મોંઘલી* ના રહી

કેટલી ગૂંચ એમાં પડી ગઇ જુઓ
આ સબંધો મહીં સાદગી ના રહી

આપણે જેમની ખૂબ રાખી 'મહેક'
તેમને આપણી લાગણી ના રહી

** ગામને છેડે ઘટાદાર લીમડાના શીતળ છાંયડા નીચે છાપરીમાં રહેતી હતી તે મારાજ ગામની એક પ્રેમદીવાની ભીલડી*

*આ* ગઝલને ગઝલગાયક રિષભ મહેતાનો કંઠ મળ્યો છે

## તે ગામ શોધું છું...

તે ઠાઠમાઠ, તે મસ્તી, દમામ શોધું છું
તે ડાયરો, તે ડહેલો, તે ગામ શોધું છું

અજબનો કેફ, ગજબની હતી એ મ્હેફિલો
ભલે હો ખાલી, હું દરબારી જામ શોધું છું

સમયની રેતમાં ખોવાયાં છે ઘણાં નામો
જડે તો એક ફકત તારૂં નામ શોધું છું

મળે તો સા'દી કે રૂમી સમા કો સંત મળે
અબુ હનીફના જેવા ઈમામ શોધું છું

જે આવી નાચતી દાદાની વારતાઓમાં
હું આંખ મીંચી તે પરીઓનાં ધામ શોધું છું

તે કંકરી, તે ગગરિયા, કૂવાનો તે કાંઠો
તે બંસરી, હું તે રાધા, તે શ્યામ શોધું છું

તું શોધે મંદિરોમાં, જઈને તીર્થધામોમાં
હું ઝૂંપડીમાં સુદામાની રામ શોધું છું

ભીતરમાં હણહણી રહ્યા છે તેજ ઘોડાઓ
જે નાથે એમને હું તે લગામ શોધું છું

શુકન છે સારા 'મહેક' કંઈ નવું જ અવતરશે
કલમ છે હાથમાં, તાજા કલામ શોધું છું

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## ઈશ્કની આગ...

એક ચિનગારી હથેળીમાં પ્રજળતી રાખો
ઈશ્કની આગ હૃદય માંહે સળગતી રાખો

અશ્રુભીની કે પછી સ્નેહ નીતરતી રાખો
આંખને એની પ્રતીક્ષામાં પલકતી રાખો

શોધમાં એની રઝળવાની મજા જુદી છે
પ્યાસને રણ મહીં કાયમની રઝળતી રાખો

ઝીલવી હોય જો તસ્વીર યારની એમાં
આરસી દિલની સદા સાફ ચળકતી રાખો

શકય છે ના મળે આવો પછી અવસર તમને
વ્હાલ વરસાવો ને પ્રિયાને પલળતી રાખો

બંધ થઈ જાય પછી છોને બધાં મયખાનાં
પ્યાલીઓ મયની નયન માંથી છલકતી રાખો

રાખવું હોય ધબકતું જો 'મહેક' જીવનને
કોઈની યાદને દિલ માંહે ધબકતી રાખો

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## હું છું ને તું છે...

નથી નામ કે ઠામ, હું છું ને તું છે
થયો હું તો ગુમનામ, હું છું ને તું છે

સમય પણ જુઓ કેવો થંભી ગયો છે
નથી સુબ્હ કે શામ, હું છું ને તું છે

ન છે ભાન ખુદનું કે બીજા કશાનું
નથી યાદ પણ નામ, હું છું ને તું છે

મળ્યો છે મિલનનો આ મોકો મજાનો
જે હો દઈ દે પયગામ, હું છું ને તું છે

કહેવું જે હો તે ભલે લોક ક્હેતા
ભલે થાઉં બદનામ, હું છું ને તું છે

તને હું નિહાળું, મને તું નિહાળે
હવે બીજું શું કામ, હું છું ને તું છે

છતાં પણ નશામાં હું ડૂબી રહ્યો છું
ભલે ખાલી છે જામ, હું છું ને તું છે

થયો અંતે રઝળાટ પૂરો જીવનનો
પહોંચ્યો છું નિજ ધામ, હું છું ને તું છે

અહીંથી હવે ક્યાંય જાવું નથી કે
છે અંતિમ આ વિશ્રામ, હું છું ને તું છે

ખરૂં ચેન આજે જ પડયું છે દિલને
'મહેક'ને છે આરામ, હું છું ને તું છે

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## જિંદગીની ચાર ઘડી...

જિંદગીની ચાર ઘડી, એ રીતે જીવી લઈશું
બે ઘડી હસી લઈશું, બે ઘડી રડી લઈશું

બે દિવસ તમન્નામાં, બાકી બે પ્રતીક્ષામાં
બાદશા ઝફર માફક, આહ પણ ભરી લઈશું

નફરતોની નગરીમાં, પ્રેમ ગીત ગાવું છે
ભરબજારે મજનૂ થઈ, તું જ તું કરી લઈશું

બોજ વાસ્તવિકતાનો, થઈ જશે અસહ્ય જ્યારે
આંખ બે ઘડી મીંચી, સ્વપ્નમાં સરી લઈશું

હો કિનારા પર આંધી, કે પછી હો મઝધારે
નામ આપનું લઈને, સાગરો તરી લઈશું

નામ ઠામ ના પૂછો, ઓળખી તમે લેશો
મ્હેફિલે 'મહેક' થઈને, જ્યારે મઘમઘી લઈશું

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## દરિયાથી દિલ્લગી છે તો...

દરિયાથી દિલ્લગી છે તો દિલને ડુબાડશું
મોતી મળે કે ના મળે ડૂબકી લગાવશું

છે ઘરની ઈંટ ઈંટ ઉપર આપની કૃપા
ક્યાં ક્યાં તમારા નામની તકતી લગાડશું

દર્પણની સામે આવીને ઊભા રહી ગયા
કઈ રીતે આપણે હવે ચ્હેરો છૂપાવશું

છે ભલભલાના કાંડા અહીં તો કપાયેલાં
ઝાલીને કોની આંગળી મેળામાં મ્હાલશું

આ મોત મોત ક્યાં છે કે માતમ મનાવીએ
એના મિલનની તક મળી, ખુશીઓ મનાવશું

સંબંધ મૃગજળોથી હવે ના રહ્યો 'મહેક'
ઝાકળ જમા કરી હવે હોઠો ભીંજાવશું

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી..."માંથી.*
*આ ગઝલને ગઝલગાયકો રિષભ મહેતા અને ગાયત્રી ભટ્ટનો કંઠ મળ્યો છે*
*અને તેમની "અદબ" નામની ઑડિઓ કસેટમાં સ્થાન મળ્યું છે.*

## મયકદાને છોડી દે!

કયાં કહું છું બધાને છોડી દે
આ તથાને, તમાને છોડી દે

કાન ફૂટયા સુણી સુણી જેને
વાયજોને, કથાને છોડી દે

દિલને શણગાર સદ્દગુણોથી તું
તસબી, તિલક, જટાને છોડી દે

પ્રેમના ઢાઈ અક્ષરોને પઢ
પોથી, પંડિત, પ્રથાને છોડી દે

મુફલિસીનો ય તો અનુભવ કર
માલ-મિલ્કત, મતાને છોડી દે

આંખથી ટપકે જે સુરા તે પી
સાકીને, મયકદાને છોડી દે

હાથ મોજાંઓનો તું પકડી લે
નાવને, નાખુદાને છોડી દે

એમને જે ગમે તે વ્હાલું કર
નિજ ગમા અણગમાને છોડી દે

વાત માની લે દિલની આજ 'મહેક'
તર્કને, શું ને શા ને છોડી દે

*ત્રીજા ગઝલસંગ્રહ "પ્યાસથી પરબ સુધી...'માંથી.*

## આંધળા અસવાર!

તેથી જ ખુલ્લું મૂકી દીધું દ્વાર છે અહીં
આવન દુ:ખોની દિલમાં લગાતાર છે અહીં

હે જીવ! લે આ મિત્ર તો નાદાન નીકળ્યા
સારૂં થયું કે શત્રુ સમજદાર છે અહીં

મળતા રહે મળીને વળી મારતા રહે
ક્હેવાને તો આ લોક મિલનસાર છે અહીં

કોના તરફ બતાવ આ ચીંધીશું આંગળી
કે આપણે બધા જ ગુનેગાર છે અહીં

છે તેજ અશ્વ જેવી આ ઈચ્છાઓ આપણી
ને આપણે તો આંધળા અસવાર છે અહીં

જોજે કે જોતજોતામાં પડદો પડી જશે
આ જિંદગીનો ખેલ ઘડીવાર છે અહીં

જે દિનથી તારી યાદના દીવા બુઝી ગયા
સૂરજ તો ઊગે રોજ પણ અંધાર છે અહીં

તરસી રહ્યા છે લોક આ મૃગજળના મુલ્કમાં
ચોમેર પ્યાસ પ્યાસના પોકાર છે અહીં

તારી જ કૃપાઓના તરાપે તરી જશું
જોકે ગુનાહનો તો ઘણો ભાર છે અહીં

ડૂબ્યા વિના તો પ્યાસ બુઝાશે નહીં 'મહેક'
આવો અહીં જ ડૂબીએ, મઝધાર છે અહીં

## અજબ છે આ દુનિયા...

અજબ છે આ દુનિયા, અજબ દુનિયાદારી
ન થઈ કોઈની, ના થશે તારી મારી

ઘડીભર તો લાગે કે થઈ ગઈ તમારી
દગો અંતે દેશે, છે દુનિયા ઠગારી

રમત એવી માંડે કે પોતે જ જીતે
અહીં ભલભલા પણ ગયા બાજી હારી

અજબ ખેલ માંડી નચાવે છે સૌને
અહીં માનવી માંકડાં, એ મદારી

અહીં જેણે પણ ખ્વાહિશોને વધારી
પછી સમજો એની ગુલામી સ્વીકારી

બધું હોય પણ સાથ આવે કશું ના
સિકંદરની પણ ખાલી ગઈ છે સવારી

સમજદારને તો ઈશારો છે કાફી
'મહેક' રહેજે અહીંયાં તું સમજી વિચારી

## બંધન ન જોઈએ...

બંધન ન જોઈએ, કોઈ વળગણ ન જોઈએ
હૈયા ઉપર હવે કોઈ ભારણ ન જોઈએ

હમણાં જ મુક્ત એની અસરથી થયો છું હું
કાજલ ભરેલી આંખનાં કામણ ન જોઈએ

ર્‌હેવા દે તું કરવાનું ખુલાસા ઓ બેવફા
મારું નસીબ સમજું છું, કારણ ન જોઈએ

પોષ્યા કરે જે વહેમ, અભિમાન, અહમને
લઈ લો અમારી સામેથી, દર્પણ ન જોઈએ

જેમાં ન પ્રેમ હો, ન કરુણા હો, સત્ય હો
એવી ખુદા જીવનમાં કોઈ ક્ષણ ન જોઈએ

સમજી હું લઈશ મારી રીતે વાત એમની
દીવાનગીનો સાથ છે, ડહાપણ ન જોઈએ

દીવાનગીમાં કર્યું નથી જેણે તાર તાર
એવા કોઈ ફકીર નું પ્હેરણ ન જોઈએ

સંબંધ જે તડ દઈને તૂટી જાય સહજમાં
રહેવા દે એવું કાચનું વાસણ ન જોઈએ

મહેંદીના રંગ જેમ ઊડી જાય જે ‘મહેક’
એવી સગાઈ, એવું કો સગપણ ન જોઈએ

## દુનિયા મળે કે ના મળે

દુનિયા મળે કે ના મળે કયાં એ સવાલ છે
હો ખાલી હાથ તોયે ફકીરો તો ન્યાલ છે

મારી જ હયાતી અને એમાં ન હું રહ્યો
ખાલી થતા રહેવાની અદ્દભૂત મિસાલ છે

કેવું લચી રહ્યું છે જીવનખેત લીલુંછમ્મ
નીંદણ જે એકધારૂં કર્યું તેનો ફાલ છે

દેખાય છે, સંભળાય છે, સમજાય છે બધું
એની જ કૃપાદૃષ્ટિનો આ તો કમાલ છે

છે લોક શું નફરતના નશામાં આ શ્હેરના
આંખો બધાની કેમ અહીં લાલ લાલ છે

ઘરમાં તો દિલને મળતું હતું ચેન બે ઘડી
કયાં જઈશું કે એ ઘર તો હવે પાયમાલ છે

બસ એટલું જ યાદ છે આંખો મળી હતી
બસ ત્યારથી જ આવા 'મહેક'ના તો હાલ છે

## આ શેની છે મારામારી

આ શેની છે મારામારી, આ કેમ સબંધો બગડે છે
ના ઘર તારું, ના ઘર મારું, શું કામ ભલા તું ઝઘડે છે

ના મિત્ર રહ્યા, ના સંબંધી, દુ:ખ આવ્યું તો સૌ દૂર થયા
આ તો છે ફકીરોની જ દુઆ કે કામ અમારું ગબડે છે

પૂછો તો સહી આ સામે જે દેખાય ગલી તે કોની છે
આ કેમ બદન ધ્રૂજી રહ્યું, આ કેમ કદમ પણ લથડે છે

આ કેવા પાગલ છે લોકો કે મુજને પાગલ સમજે છે
શેરીનાકે ઊભો ઊભો એક સાંઇ મનોમન બબડે છે

હે ન્યાયની વાતો કરનારા દંભીઓ જરા ઇન્સાફ કરો
નિર્દોષ બિચારી કીડીને એક હાથી પગથી ચગડે છે

હર એક વળાંકે રોશન છે ઝગમગ ઝગમગ દીવા તોયે
અજવાળાનો અંધાપો લઇ આ માણસ જ્યાં ત્યાં રખડે છે

હું છું, હું છું ક્હેતા ર્હેશો તો દ્વાર કદી પણ નહિ ઉઘડે
એ દ્વાર ફકત તૂ હી તૂની ચાવીથી ‘મહેકજી’ ઉઘડે છે

## તે સ્વજન કયાં ગયું...

તારલાઓથી ઝગમગ થતું જે હતું, તે ગગન કયાં ગયું, તે ગગન કયાં ગયું
ચાંદની જેમ નિત જે ચમકતું હતું, તે વદન કયાં ગયું, તે વદન કયાં ગયું

કેવી રાતો સુહાની હતી યાદ છે, કેવી વાતો મજાની હતી યાદ છે
એક સાથે જ હૈયાં ધડકતાં હતાં, તે મિલન કયાં ગયું, તે મિલન કયાં ગયું

નીરુ નાચે ને હરખાય નિરંજના, ગીત દર્દીલું વીણા સુણાવે અને
બાહુમાં મ્હેબૂબા આવી બીડાય જાય, તે સપન કયાં ગયું, તે સપન કયાં ગયું

ખેતરે ગીત લણનારીનું ગુંજતું, આમ્રકુંજે ટહૂકતી હતી કોયલો
મોગરાને ચમેલીથી મઘમઘ હતું, તે ચમન કયાં ગયું, તે ચમન કયાં ગયું

ના હવે પ્રેમ કે ભાઇચારો અહીં, સત્યનું કે દયાનું તો નામ જ નથી
રામનું, બુદ્ધનું, ગાંધીનું જે હતું, તે વતન કયાં ગયું, તે વતન કયાં ગયું

કેમ ખુશબોની તમને જરૂરત પડી, કેમ અત્તર લગાડો છો મૃતદેહને
નેકીઓથી જ મરનારની મહેકતું, તે કફન કયાં ગયું, તે કફન કયાં ગયું

દોસ્ત દુશ્મનમાં કોઇ તફાવત નથી, આપણાં સૌ પરાયાં થયાં છે ‘મહેક’
દુ:ખમાં દેતું હતું જે દિલાસો સદા, તે સ્વજન કયાં ગયું, તે સ્વજન કયાં ગયું

## કારણ વિના ઉદાસ છે

કારણ વિના ઉદાસ છે, મૂંઝાઇ રહ્યું છે
મન કોણ જાણે કેમ વલોવાઇ રહ્યું છે

વર્ષોના ઈંતેજાર પછી તક મળી છે આજ
હૈયું ભરાયેલું હતું, ઠલવાઇ રહ્યું છે

રેતી તળે દટાઇ ગઇ સઘળી નિશાનીઓ
એક આપનું પગલું છે જે સચવાઇ રહ્યું છે

સૌ રેશમી લિબાસોના લીરા ઊડી ગયા
એક ફાટલું પ્હેરણ છે જે લહેરાઇ રહ્યું છે

નીરખી રહ્યો છું પાણીમાં પરપોટા કયારનો
જીવન છે બુદબુદા સમું, સમજાઇ રહ્યું છે

પડદો પડે એ પહેલાં નિહાળી લો મન ભરી
સૌંદર્ય આંખ સામે જે દેખાઇ રહ્યું છે

રસ પીવામાં જલ્દી કરે ભમરાને કહી દો
આ ફૂલ કમળનું હવે બીડાઇ રહ્યું છે

લાગે છે બેઉ છેડેથી સળગી રહી 'મહેક'
અસ્તિત્વ મીણબત્તીનું ટૂંકાઇ રહ્યું છે

## નમ બની જા

આદમી છે તું, તો સાચા અર્થમાં આદમ બની જા
માટીથી નિસબત છે, માટી જેમ તું પણ નમ બની જા

સાથમાં 'હું'નું વજન લઈને તો ડૂબી જઈશ તું
જો તરી જાવું હો તો પહેલાં તું ખાલીખમ બની જા

છોડ શબ્દોનો આ કોલાહલ ને ચૂપ થઈ જા હવે તું
હોય સાંભળવો જો પગરવ તો પછી મોઘમ બની જા

એ ભલે ફૂંકે બધેબધ નફરતોના વાયરાઓ
તું પવન શીતળ બનીને પ્યારની મોસમ બની જા

કામ આવે તું બીજાના એય 'સદકો' છે 'મહેક'
ફૂલના ચ્હેરાઓ ધોવા કાજ તું શબનમ બની જા

## પ્રેમ, બસ પ્રેમ...

પ્રેમ, બસ પ્રેમ તું કરી તો જો
પ્રેમ ખાતર જીવી, મરી તો જો

હું ય ઓગળશે, તું ય ઓગળશે
પ્રેમનું તાપણું કરી તો જો

માર્ગમાં કયાંય તું ન અટવાશે
પ્રેમને સાથે લઈ ફરી તો જો

કોઈ સીમા નહીં નડે તુજને
પ્રેમ થઈને તું વિસ્તરી તો જો

એ કદી પણ દગો નહીં દેશે
પ્રેમની દોસ્તી કરી તો જો

કંઈક જુદી જ એની મસ્તી છે
પ્રેમરસ પ્યાલીમાં ભરી તો જો

કંટકો પણ ગુલાબ થઈ જાશે
પ્રેમનો સ્પર્શ તું કરી તો જો

ઝેર પણ થઈ જશે ‘મહેક’ અમૃત
પ્રેમથી હોઠે તું ધરી તો જો

## સપનમાં સરવાનું

વાડીઓ, ડુંગરોમાં ભમવાનું
થઇ કવિ કલ્પનામાં રમવાનું

રૂબરૂ શકય કયાં છે મળવાનું
આંખ મીંચી સપનમાં સરવાનું

રોજ જીવીને રોજ મરવાનું
હા, પછી મોતથી શું ડરવાનું

લ્યો આ સામે તો ઘૂઘવે દરિયો
આપણે તો ભૂલ્યા છે તરવાનું

જીવવું ‘પુલ સિરાત’ જેવું છે
ડગલું સમજી વિચારી ભરવાનું

રાખજો યાદ કયાંથી નીકળ્યા’તા
અંતે સૌએ છે પાછા વળવાનું

ખિસ્સાં હોતાં નથી કફનમાં ‘મહેક’
છે નકામું આ ખિસ્સાં ભરવાનું

## પ્યાલો ભર્યા વિના

મસ્તીમાં ચૂર, જામને હોઠે ધર્યા વિના
મદહોશ થઈ ગયા અમે પ્યાલો ભર્યા વિના

એણે જો ઊંચકયા તો અમે પીંછું થઇ ગયા
પહોંચી ગયા કિનારે સમંદર તર્યા વિના

હા, એજ કામયાબ થયા ઈમ્તિહાનમાં
કૂદી પડયા જે આગમાં સ્હેજે ડર્યા વિના

પહેલાં બધાંય આભૂષણોને ઉતારી નાંખ
નવપલ્લવિત થતાં નથી વૃક્ષો ખર્યા વિના

એમાં ગજબની ચેતના ફૂંકાશે એ પછી
પહેલાં તું લાશ જેવો બની જા મર્યા વિના

એની કદીક એવી પણ થઇ છે કૃપા 'મહેક'
કે માલામાલ થઇ ગયા કંઇ પણ કર્યા વિના

## કંકર નીકળે

તૂ હી તૂ કરતા કલંદર નીકળે
લઈ મુહોબતનું એ મંતર નીકળે

તો જ આ વિષનું નિવારણ થઈ શકે
કોક ખૂણેથી જો શંકર નીકળે

પટ ઘૂંઘટના ખોલવાની છે શરત
હા, પછી એક ચ્હેરો સુંદર નીકળે

બ્હાર શોધી શોધીને થાકો અને
દિલરૂબા તો ઘરની અંદર નીકળે

તો જ હું માનું કે ઘર ખાલી થયું
બ્હાર પૂરેપૂરા પંદર નીકળે

લઈ ભરેલી ઝોળી ચાલ્યા સાંઈ તો
હાથ ખાલી લઈ સિકંદર નીકળે

જેને સમજો જિંદગીભરની કમાઈ
પોટલી ખોલોને કંકર નીકળે

ક્યાં 'મહેક' જઈશું બુઝાવા પ્યાસને
પ્યાસ લઈ જ્યાં ખુદ સમંદર નીકળે

## આપણે મીરા...

આપણે મીરા, પ્રભુની આપણા પર મ્હેર છે
છોને સામે પ્યાલો ને પ્યાલામાં કાતિલ ઝેર છે

જા, ન જોઇ હોય મસ્તી તેં ફકીરોની તો જો
હાથ ખાલી, ખિસ્સાં ખાલી, તો ય લીલાલ્હેર છે

થઈને ભારેખમ ફરે છે લઈ અહમનાં પોટલાં
આમ તો આ માનવી માટીનો ખાલી ઢેર છે

એજ તો ખુદને ધકેલી રહ્યો ઊંડી ખાઈમાં
કોણ જાણે માનવીને કેમ નિજથી વેર છે

એટલે તો કયારનો મૂંઝાઉં છું હું એકલો
હું તો ગામડિયો ને મારી સામે મોટ્ટું શ્હેર છે

તું ફિકર ના કર 'મહેક' કે લોક શું કહેશે હવે
માટીના ચૂલા બધા જાણે છે ઘેરેઘેર છે

## બધું તારું જ છે

ક્યાં કહું છું કે બધું મારું જ છે
જે બધું છે એ બધું તારું જ છે

તેં ભર્યો ખોબો તે મીઠો થઇ ગયો
પાણી આ દરિયાનું તો ખારું જ છે

છે વતનની ધૂળનો અહીંયાં અભાવ
બાકી તો અહીંયાં બધું સારું જ છે

જીભમાં મારી ભરે છે એ મીઠાશ
નામ પણ તારૂં મને પ્યારું જ છે

'દેવે ના દેવે સભી કા હો ભલા'
સાંઇનું તો કામ ભૈ ન્યારું જ છે

હા, 'મહેક' છૂટી જશું આ કેદથી
મોત એક સુંદર છટકબારું જ છે

## કોણ માનશે

એક ફૂંકથી મળી છે શિફા, કોણ માનશે
લાગી ન કામ જ્યાં કો' દવા, કોણ માનશે

એ તોય માલદારની માફક જીવી ગયા
પાસે હતો ન માલ, મતા, કોણ માનશે

ને સ્હેજમાં તો જાણે ગઝલ જેવું થઇ ગયું
કરતો રહ્યો હું ગા લ લ ગા, કોણ માનશે

ખાલીપો વિસ્તરે છે, ન લાગે છે દિલ અહીં
છે એજ ઘર ને એજ જગા, કોણ માનશે

આ હોઠ જે યૌવનમાં તેં ચૂમ્યા'તા એકવાર
તારી કસમ હજી છે ભીના, કોણ માનશે

તિરછી નજરની છે હજી બાકી અસર 'મહેક'
તેથી જ તો છે આવી દશા, કોણ માનશે

## ફાવી નહીં શકો

નિજને ફરેબ એ રીતે આપી નહીં શકો
અંતરનો છે અવાજ દબાવી નહીં શકો

જો હોય દાવાનળ તો બુઝાવી શકાય છે
આ તો છે પ્રેમ તણખો, બુઝાવી નહીં શકો

ભીંજાઇશું તો સ્નેહના વરસાદથી અમે
બીજા કશાથી અમને ભીંજાવી નહીં શકો

સઘળો ઉતારી ભાર તણખલું બન્યા છીએ
મઝધારમાં કે કાંઠે ડુબાડી નહીં શકો

ગૌતમની જેમ ઘેરથી નીકળી પડયા છીએ
પાછા હવે એ રાહથી વાળી નહીં શકો

આરંભથી તે અંત સુધીની આ દોડધામ
બે ગજ જમીનથી વધુ પામી નહીં શકો

પાલવ ‘મહેક’ એમનો પકડીને રાખજો
છૂટી જશે તો કયાંય પણ ફાવી નહીં શકો

## આ છે તારી મે'રબાની...

આ છે તારી મે'રબાની, કે હરૂં છું હું ફરૂં છું
હું દિવસ ઊગે જીવું છું, ઢળે રાત ને મરૂં છું

કે તું થાય મુજથી રાજી, તેં કહ્યું તે હું કરું છું
હું સૂરજ ઢળે નમું છું, ને પરોઢે કરગરું છું

ભલે પ્હાડ સમ હો મોજાં, મેં તજી દીધી છે નૌકા
મને લઇ જશે કિનારે, જે તરાપે હું તરું છું

હતી દિલમાં ભીડ ઝાઝી, હતી આવજા ક્ષણેક્ષણ
કરી દિલને સાવ ખાલી, તને યાદ હું કરું છું

જે દિવસથી ખોફ તારો, થયો દિલ મહીં છે પેદા
હું થયો છું સાવ નિર્ભય, ન કશાથી પણ ડરૂં છું

એ પછી ન કેમ મહેકે, અસ્તિત્વ મારું નિશદિન
તારા નામની જ ખુશ્બો હરેક શ્વાસમાં ભરું છું

## દુનિયા તો ઠગારી છે!

ઝઘડવું આમ નાહકનું એ કયાં તારી કે મારી છે
ઠગે સૌને ભલા માણસ આ દુનિયા તો ઠગારી છે

અમે તો પ્રેમ અગ્નિમાં તપીને ખૂબ સૂકાયા
કહે છે લોક અમને કો અદેખે મૂઠ મારી છે

કદી તૂટી ગઇ ડાળી, કદી સળગી ગયો માળો
ચમનમાં આપણે માથે મુસીબત એકધારી છે

ફસાયા છે હવે તો આપણે નાચે જ છૂટકો છે
તમાશો માંડશે, આ આપણી લાલચ મદારી છે

દિશાઓ ઝળહળી ઊઠી, હવાઓ મઘમઘી ઊઠી
બધા કહે છે ‘મહેક’ની આ તરફ આવે સવારી છે

## સાવધાની લઈને આવ્યો છું

અજબ તારી ગલીની હું નિશાની લઈને આવ્યો છું
ખુદાની ભેટ છે આ જિંદગાની લઈને આવ્યો છું

તમે પૂછી રહ્યા છો તો બતાવું મારી ઓળખ હું
છું આદમ પુત્ર ઊંચી ખાનદાની લઈને આવ્યો છું

અહીં છે ઠોકરો ડગલે ને પગલે સાવ સાચું છે
ખુદાનો છે શુકર હું સાવધાની લઈને આવ્યો છું

ન પૂછો કઈ રીતે પહોંચી ગયો પ્રિતમની પાસે હું
કવિ છું હું સવારી કલ્પનાની લઈને આવ્યો છું

જલાવી દે પતંગા જેમ તું મુજને જલાવી દે
હૃદયમાં ભાવના હું તો ફનાની લઈને આવ્યો છું

ગયા રૂઠી એ મારા મહેરબાનો તો ભલે રૂઠે
ખુદાની હું તો મોટી મહેરબાની લઈને આવ્યો છું

ઘડીમાં ફૂલવું, ફૂટી જવું, ગુમનામ થઈ જાવું
જીવન શું છે? હકીકત બુદબુદાની લઈને આવ્યો છું

ચમનમાં દોસ્તી રાખી છે ફૂલોથી હંમેશાં મેં
'મહેક' તેથી ચમેલી મોગરાની લઈને આવ્યો છું

## હવે તો ક્યાં ભરોસો છે?

ગગન જેવા ગગનનો પણ હવે તો ક્યાં ભરોસો છે
ચમન જેવા ચમનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

ભરી લો ધૂળ માથામાં અને તૈયાર થઇ બેસો
વતન જેવા વતનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

થશે ભીનાં તો દિલની વાતને ખુલ્લી કરી દેશે
નયન જેવાં નયનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

બતાવે જ્યાં છલકતા સાગરો ત્યાં ઝાંઝવાં નીકળે
સપન જેવા સપનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

કદી ડુંગર, કદી વાડી, કદી પ્હાડીમાં ભટકાવે
કવન જેવા કવનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

ઊડી જાયે 'મહેક' જે ઓસ બિંદુ જેમ તડકામાં
સ્વજન જેવા સ્વજનનો પણ હવે તો ક્યાં ભરોસો છે

## જળની ખરી મીઠાશ...

સંગત બપોરે વહેતા કો ઝરણાની જોઇએ
માળામાં હૂંફ પંખીને તરણાની જોઇએ

સૂરજ ભલેને ગ્રીષ્મનો માથા ઉપર તપે
દિલમાં પ્રતીક્ષા શ્રાવણી વર્ષાની જોઇએ

એના અવાજનું ભલે અજવાળું ના રહ્યું
ઝાંખી તો ઝાંખી રોશની પડઘાની જોઇએ

કયારેય ના ઓળંગે કિનારાઓ જોઇ લો
મર્યાદા વહેવારમાં દરિયાની જોઇએ

નીકળી પડયા છો આમ તમે કોની શોધમાં
રેહબર નહીં તો માહિતી રસ્તાની જોઇએ

જળની ખરી મીઠાશ ‘મહેક’ માણવી હો તો
તૃષ્ણા પ્રખર ને તેય તો સહરાની જોઇએ

## મૃગજળનું મયખાનું...

એક મુસાફરખાનું છે
આવન જાવન બ્હાનું છે

મોત વગર ના છૂટકારો
દુનિયા કેદીખાનું છે

ગાંડાતૂર ફરે છે લોક
જાણે પાગલખાનું છે

ચારે બાજુ આગ બળે
દુનિયા દોઝખખાનું છે

દરવાજે ઊભું છે કોણ?
તેડું આવ્યું ક્યાંનું છે?

નહિ માને એ નહિ માને
દિલ મારું દીવાનું છે

કીડીને કણ, હાથીને મણ
કોનું લંગરખાનું છે

પ્યાસ નહીં બુઝાય ‘મહેક’
મૃગજળનું મયખાનું છે

## સામાન સો બરસ કા...

ષડ્‌રિપુને કાઢવા છે નીકળ્યા
આત્મને અજવાળવા છે નીકળ્યા

ઝૂંપડીમાં સાંઈની દીવા બળે
તેજ:પુંજને પામવા છે નીકળ્યા

અન્યનું કદ માપતા રહ્યા સદા
આજ નિજ કદ માપવા છે નીકળ્યા

એટલા ડાઘા પડયા છે વસ્ત્રમાં
અશ્રુમાં ઝબકોળવા છે નીકળ્યા

કો' ફકીરનું ફાટલું પ્‌હેરણ મળે
તાણા વાણા શોધવા છે નીકળ્યા

પ્રેમ કુંડાળું હવે મોટું કરી
માનવીને ચાહવા છે નીકળ્યા

સો વરસનો પીઠ પર સામાન લઈ
એક મજલ સૌ કાપવા છે નીકળ્યા

કયાંક તો સંતોષનું ઝરણું મળે
યુગ-તરસને ઠારવા છે નીકળ્યા

ટોપલો માથે મૂકી આજે 'મહેક'
ખ્વાહિશોને દાટવા છે નીકળ્યા

## કાફિયા વહેંચાય છે

ખાલીપો ઘરની દીવાલો પર હવે લીંપાય છે
બારીઓ, ભીંતોને પણ તનહાઈ કોરી ખાય છે

ભર્યુંભાદર્યું હતું ઘર સાવ સૂનું થઈ ગયું
ના હવે ચકલાંની ચીં ચીં પણ અહીં સંભળાય છે

બોજ દુનિયાભરનાં દર્દોનો સહી લે છે આ દિલ
એક તારું દર્દ એવું છે જે ના સ્હેવાય છે

રાતદિન એ તો ઝમે છે પળમાં ખાલી થઈ જશે
આ ઘડો હમણાં ભરેલો તમને જે દેખાય છે

કોઈ દિ' ભૂખ્યાજનોની ઝૂંપડીમાં જઈને જો
પેટ ઉપર પથ્થરો કેવી રીતે બંધાય છે

રેત-આંધીઓય ભૂંસી ના શકી જેને કદી
રણવચાળે એમનાં પગલાં હજી સચવાય છે

છોકરાં સાથે 'મહેક' દોડી જા તું પણ લૂંટવા
શાયરોની મ્હેફિલોમાં કાફિયા વહેંચાય છે

## પ્રેમનો પાઠ...

પાઠ્ય પુસ્તકમાં તેથી પ્હેલો છે
પ્રેમનો પાઠ સૌથી સ્હેલો છે

કઇ રીતે બિંબ ઝીલશું એમાં
આ અરીસો તો સાવ મેલો છે

ભીતરે હોય પણ એ ધોળોબખ
બ્હારથી લાગે મેલોઘેલો છે

એ સમજવું કઠિન છે આજે તો
કોણ મુરશિદ ને કોણ ચેલો છે?

કેમ આ નાત-જાતના ભેદો?
સૌનો એક જ તો વંશ-વેલો છે

ગામમાં દિલ હવે ન લાગે છે
ના તે દરબાર, ના તે ડ્હેલો છે

હા, 'મહેક' સાવધાન થઇ જાઓ
પગ તળે આવી ગ્યો આ રેલો છે

## લાખ વાતોનો ગમ છે

બતાવું તને શું કે ક્યાં ક્યાં જખમ છે
છે દિલ ચાળણી ને કલેજે વરમ છે

સતત આ ઉદાસીનું છે એ જ કારણ
છે દિલ એક ને લાખ વાતોનો ગમ છે

હરીફોમાં નીકળી હશે વાત તારી
છે મેહફિલમાં ચર્ચા ને ગરમાગરમ છે

દગો આમ દેશો ન હે આંગળીઓ
હજી એમની ઝુલ્ફના બાકી ખમ છે

આ બે આંખ પણ કામ ના લાગશે કે-
આ બે આંખની પણ હવે ક્યાં શરમ છે

ન રેહમાન મળશે કે ના રામ મળશે
ધમાલો વધુ છે ને ઓછો ધરમ છે

ફિકર શી 'મહેક' મે'રબાનો જો રૂઠે
ખુદા મે'રબાં છે, ખુદાનો કરમ છે

## આ દુનિયા ગમી મને!

છોને મળી છે ચાર દિ’ની જિંદગી મને
છું ખુશનસીબ તારી મળી દોસ્તી મને

જે આવતાં ઉછળતું હતું કેટલું આ દિલ
શોધું છું પણ હવે ન જડે તે ગલી મને

એક એક કરી વિદાય થયા સૌ પરિચિતો
આ ઘર, આ ગામ લાગે હવે અજનબી મને

જ્યાં જોઉં આપની જ નિશાની હતી બધે
એક જ એ કારણે તો આ દુનિયા ગમી મને

એના ભરોસે તો ઘણી ખાધી છે ઠોકરો
એ રસ્તે કામ લાગી નથી રોશની મને

તારા મિલનની આશમાં હું ખુશખુશાલ છું
છોને મળે ન એક પણ બીજી ખુશી મને

એમાં મળે છે દિલને ગજબ શાંતિ ‘મહેક’
વ્હાલી છે એની યાદ અને બંદગી મને

## ચાલતા થવાનું છે

નામ બદનામ નાખુદાનું છે
જલપ્રલયનું કદી હવાનું છે

નિજના પાપે જ ડૂબી ગઇ વસતી
આ સુનામી તો એક બહાનું છે

ચાલ કરીએ કસોટી તોબાની
બારણું ખુલ્લું મયકદાનું છે

એક તારો જ સિક્કો ચાલે છે
મૂલ્ય બીજું તો કયાં કશાનું છે

એ જ ભૂલી ગયા છે સૌ અહીંયાં
કયાંથી આવ્યા ને કયાં જવાનું છે

ના એ તારું છે, ના એ મારું છે
છે વિસામાનું ઘર, બધાનું છે

બે ઘડી તું ય થોભી લે અહીંયાં
હા પછી ચાલતા થવાનું છે

થઇને તૈયાર બેસી જાઓ 'મહેક'
તેડું આવી રહ્યું કજાનું છે

## નામ તારું...

મત્લામાં નામ તારું, મક્તામાં નામ તારું
મારી ગઝલના હર એક મિસરામાં નામ તારું

ચકચક અને ચીંચીંમાં, કોયલના કંઠમાં પણ
ટહુકે છે મોરલાઓ, ટહુકામાં નામ તારું

ગિરજાના ઘંટનાદો, આઠે પ્રહર અઝાનો
ખીણો મહીંથી ઊઠતા પડઘામાં નામ તારું

તારું જ નામ ગુંજે મંદિરમાં, મસ્જિદોમાં
કાશીમાં નામ તારું, કાબામાં નામ તારું

મ્હેલોમાં, ઝૂંપડીમાં, જંગલમાં, પ્હાડીઓમાં
જ્યાં પણ ઝૂકે છે મસ્તક, સિજદામાં નામ તારું

દરવેશની ચટાઇ, મોમીનના મુસલ્લામાં
જપમાળા હો કે તસબી, મણકામાં નામ તારું

પંડિતની પોથીઓમાં, મુલ્લાની કિતાબોમાં
કુર્આન, ઉપનિષદમાં, ગીતામાં નામ તારું

હો મસનવી રૂમીની, કવ્વાલી કે ભજન હો,
દોહરામાં નામ તારું, છપ્પામાં નામ તારું

શેહનાઇના સૂરોમાં, મુરલીની મીઠી ધૂનમાં
કરતાલ, મંજીરાંમાં, તબલામાં નામ તારું

લલકાર અનલહકનો કે હોય તૂ હી તૂનો
'અલ્લાહુ'ના ઝિકરમાં, કલમામાં નામ તારું

પ્રેમીની પુકારોમાં, આબીદની દુઆઓમાં
મજલૂમની આહોમાં, ડૂસકાંમાં નામ તારું

માફી 'મહેક' જ્યારે માંગે છે ગુનાહોની
અશ્રુઓની વહેતી ધારામાં નામ તારું

## દિલ છે તૂટી જશે તો...

સમજો તો બોજ સમજી ઉતારી નહીં શકો
જીવનને જેમ તેમ ગુજારી નહીં શકો

કાબા નથી કે એને બનાવો ફરી ફરી
દિલ છે તૂટી જશે તો બનાવી નહીં શકો

આ જીભ ફણીનાગ છે કાબુમાં રાખજો
ચડશે તો એનાં ઝેર ઉતારી નહીં શકો

દિલ લાગણીનાં કુંડ હતાં શુષ્ક થઇ ગયાં
સંબંધના ગુલાબ ખિલાવી નહીં શકો

ચીજોમાં ચેન કયાં છે કે શોધો છો ચેનને
મૃગજળ નિચોવી પ્યાસ બુઝાવી નહીં શકો

જેને મળો પહાડ ઉપાડી ફરે અહીં
દુ:ખમાં કો ભાગીદાર બનાવી નહીં શકો

ઓછાં પડયાં હજાર વરસ નૂહને ‘મહેક’
દુનિયાને ચાર દિનમાં સુધારી નહીં શકો

## મેલાઘેલા થઈ ગયા

ઘરને ખૂણે બેઠા, તન્હા થઈ ગયા
બોલવાનું બંધ, મૂંગા થઈ ગયા

દુશ્મનો તો પ્હેલેથી છેટા હતા
દોસ્તો પણ આઘાપાછા થઈ ગયા

એ પછી કાયમ રહ્યા વેરાયેલા
એક વેળા દિલના ટૂકડા થઈ ગયા

ચોતરફ દુનિયા હતી, કીચડ હતો
કોરાકટ પણ મેલાઘેલા થઈ ગયા

કંટકોની વાડ બંને બાજુએ
વસ્ત્રના તો લીરેલીરા થઈ ગયા

પ્રેમ કરતાં ના અમોને આવડ્યું
ને અમે પુસ્તકના કીડા થઈ ગયા

થાય ઠપ ઠપ નાચવા લાગે છે મન
હા, અમે પણ રૂમી જેવા થઈ ગયા

જિંદગીનાં ઝેર પી પીને ‘મહેક’
મીઠામધ પણ કડવા-તૂરા થઈ ગયા

## ઝેરના કટોરામાં

જે ચમક અમે દીઠી, આપના ચહેરામાં
ના કદી અમે દીઠી, ચાંદ કે સિતારામાં

જે કદી ન સમજાયું, સેંકડો કિતાબોમાં
સ્હેજમાં તે સમજાયું, આપના ઈશારામાં

નામ આપનું લઈને ઈશ્ક જ્યારે પી લે છે
સ્વાદ આવે અમૃતનો, ઝેરના કટોરામાં

દિલને જે હલાવી દે, આસ્થા જગાવી દે
એ અઝાન ગૂંજે છે, આજ પણ મિનારામાં

કાફલા ગયા પ્હોંચી કયારનાયે મંઝિલ પર
ને અમે રહ્યા બેસી, બે ઘડી ઉતારામાં

ભાગ્યમાં હો ડૂબવાનું, ડૂબી જાય છે લોકો
કોઇ ડૂબે મઝધારે, ડૂબે કો' કિનારામાં

એટલે 'મહેક' પ્હેરો રાતદિન ભરું છું હું
યાદોનો ખજાનો છે મનના આ પટારામાં

## વરસ્યા કરું છું

હજી હું મિલનને તરસ્યા કરું છું
હજી તમને મારાં સમજ્યા કરું છું

નથી લાગતો જીવ લોકોની વચ્ચે
છતાં લોક વચ્ચે હું જીવ્યા કરું છું

જો સમજાય તમને તો કહેજો મને પણ
ખુદા જાણે હું આ શું બકયા કરું છું

બરાબર હવે ઓળખી લીધી એને
હવે જાત પર મારી હસ્યા કરું છું

કદી તો પલળશે, કદી તો પીગળશે
હું પથ્થર ઉપર પણ વરસ્યા કરું છું

વહે છે સમંદર તો આંખોની સામે
છતાં બુંદને હું તરસ્યા કરું છું

અચાનક એ આવીને ડોકાય એમાં
અરીસાને તેથી હું ઘસ્યા કરું છું

'મહેક' છું, છે ઉપવન મહીં વાસ મારો
હું ફૂલોની ફોરમમાં વસ્યા કરું છું

## દીવાલો ઊંચી ચણી ચણીને

કરીને કોરી હૃદયની પાટી પ્રથમ બરાબર ઘસી ઘસીને
કરી લીધું નામ યાદ તારું અઢાઇ અક્ષર ઘૂંટી ઘૂંટીને

ઉકેલી લીધા તમામ ભેદો, તમે તો શીખીને ઢાઇ અક્ષર
ઉકેલી શકયા ન ગૂંચ એકે, અમે કિતાબો પઢી પઢીને

નથી ઊંચકયું કદીયે માથું. જીવ્યા તો માટીનો ગુણ ગ્રહીને
થયા છે ઉન્નત અમે જીવનમાં, સદાયે નીચા નમી નમીને

હતો ન ડર અમને કંટકોનો, કે કંટકોની તો જાત જ એવી
અમે તો ઉપવન મહીં સદાયે, રહ્યા ફૂલોથી ડરી ડરીને

પ્રથમ અમોને કરીને છેટા, ધરમને નામે, ધજાને નામે
હવે કહે છે સમીપ આવો, દીવાલો ઊંચી ચણી ચણીને

કહો 'મહેક' જઇ એ જાલિમોને, હજી છે તાજા અમારા જખ્મો
હજી ય કંપે છે મજલૂમો તો, સિતમ તમારા ગણી ગણીને

## જીવન છે બુદબુદા સમું...

માયા છે, મોહ છે, અને સંસાર છે અહીં
જીવન છે બુદબુદા સમુ, પળવાર છે અહીં

ના થઇ, ન કોઇની ય થશે બેવફા છતાં
દુનિયાના તો હજાર તલબગાર છે અહીં

કંઇ એમ દિલ લગાવીને બેઠા છે આપણે
કાયમનું જાણે આપણું ઘરબાર છે અહીં

છે યાદ કે ખુશી તો ફકત એક બે મળી
ગમ એટલા મળ્યા કે કયાં શુમાર છે અહીં

પડઘાય છે કો નર્તકીની પાયલો હજી
ઉજડી ગયેલ કોઇનો દરબાર છે અહીં

ડૂબીએ કે પછી આજ તો દરિયો ડૂબાડીએ
કૂદી પડયા છીએ ભલે મઝધાર છે અહીં

બાંધીને ભાથું કયારના બેઠા છીએ 'મહેક'
મૃત્યુને જઇ કહો અમે તૈયાર છે અહીં

## સઘળું લુંટાવી બેઠો છું

ભારે બાજી લગાવી બેઠો છું
ખુદને હું તો મિટાવી બેઠો છું

તુંય આ ચોટલી ઉતારી નાંખ
હું ય માથું મૂંડાવી બેઠો છું

સ્હેજ આઘે ખસેડી દુનિયાને
ધ્યાન તારું લગાવી બેઠો છું

હાથ લંબાવ તારી કૃપાનો
કયારનો શિર ઝુકાવી બેઠો છું

દિલ હતું તે ય દઇ દીધું આજે
આજ સઘળું લૂંટાવી બેઠો છું

તારાં પગલાં થવાનાં છે આજે
આંગણું, ઘર સજાવી બેઠો છું

લાલ જાજમ તો કયાંથી લાવું હું
દિલની ધડકન બિછાવી બેઠો છું

લે હવે દિલની વાત જાણી લે
દિલમાં તુજને વસાવી બેઠો છું

જે હવે થાય તે 'મહેક' સાચું
આશ ભારે લગાવી બેઠો છું

## પ્યાર જેવું કંઇ નથી

ના, સુખી સંસાર જેવું કંઇ નથી
થૂલી છે, કંસાર જેવું કંઇ નથી

એક પરપોટો હતો, ફૂટી ગયો
પાણીમાં ચકચાર જેવું કંઇ નથી

એજ માથું ઊંચકે છે જ્યાં ને ત્યાં
'હું' ન હો તકરાર જેવું કંઇ નથી

ફૂલ માફક એને પણ ચાહી શકો
તો બગીચે ખાર જેવું કંઇ નથી

હું તો માણસથી જ બસ ભયભીત છું
અન્ય કો' ઓથાર જેવું કંઇ નથી

ખુલ્લું મન રાખી પ્રવેશી તો જુઓ
બંધ કોઇ દ્વાર જેવું કંઇ નથી

એ તો દીક્ષા લઇને બેઠા છે 'મહેક'
એમને ઘરબાર જેવું કંઇ નથી

## ક્યાં સુધી...

સામનો ક્યારે કરીશું આપણે
ક્યાં સુધી નિજથી ડરીશું આપણે

કોક દી તો ખાલી કરતાં શીખીએ
ક્યાં સુધી ખિસ્સાં ભરીશું આપણે

લોક જોવા આવશે જીવંત લાશ
મોત પહેલાં જો મરીશું આપણે

તે પછી ઇચ્છા કદી ના ફૂટશે
પીળા થઇ જ્યારે ખરીશું આપણે

વ્હેણ દરિયાનું ય બદલાઇ જશે
સામે પૂર જ્યારે તરીશું આપણે

ભીતરે લાવા સદા ઉકળ્યા કરે
બર્ફ થઇ ક્યારે ઠરીશું આપણે

ભાર આ સઘળો ઉતારીને 'મહેક'
હલકા થઇ ક્યારે ફરીશું આપણે

## ઘર ખોઈ બેઠો છું

હતું જે મારા માથા પર તે છત્તર ખોઈ બેઠો છું
જનમ્યો જ્યાં, થયો મોટો, હું તે ઘર ખોઈ બેઠો છું

હતી એક છાપરી વ્હાલી, ન છે નામોનિશાં તેનું
ગલીને ખોઈ બેઠો છું, હું ગોચર ખોઈ બેઠો છું

તજીને ધાન હું બેસી ગયો ઢગલા ઉપર ધનના
હતું જે બાપદાદાનું તે ખેતર ખોઈ બેઠો છું

ઉદાસીનું પૂછી રહ્યા છો કારણ તો બતાવું છું
ખુશીના જે હતા બે ચાર અવસર ખોઈ બેઠો છું

હતાં એ ઝાંઝવાનાં જળ છતાં પણ ભાન ભૂલીને
પડયો એવો તો હું પાછળ કે જીવતર ખોઈ બેઠો છું

વિચારું છું અડીખમ કઈ રીતે રહેશે ઈમારત આ
કે હું એક એક કરી પાયાના પથ્થર ખોઈ બેઠો છું

'મહેક' મારગની મુશ્કેલીથી ડર લાગી રહ્યો આજે
હતો વિશ્વાસ જેના પર તે રેહબર ખોઈ બેઠો છું

## લૂંટાવીને તો જુઓ

દિલમાં પ્રણયની આગ લગાવીને તો જુઓ
એક વાર લાગી જાય, બુઝાવીને તો જુઓ

કોણે કહ્યું કે દૂર ન થાશે આ અંધકાર
એકાદ પ્રેમ દીપ જલાવીને તો જુઓ

ઉન્નત ફરિશ્તા જેમ તમે પણ બની જશો
માટીની જેમ ખુદને મિટાવીને તો જુઓ

ઊંચકી એ તમને ટોચ ઉપર લઇ જશે પછી
પહેલાં જરાક શીશ નમાવીને તો જુઓ

ખાલી થવાનો હોય છે આનંદ કંઇ જુદો
જે કંઇ મળ્યું છે તેને લૂંટાવીને તો જુઓ

કેવી સવાર થાય છે દીવાનગી પછી
દિલને 'મહેક' સ્હેજ લગાવીને તો જુઓ

## ચાદર વણાઇ ગઈ છે

ડૂસકાં ભરી ભરીને, છાતી રૂંધાઇ ગઇ છે
આંસુ ખૂટી ગયાં છે, આંખો સૂકાઇ ગઇ છે

ફરિયાદ કોને કરવી કે કોણ સાંભળે છે
માસૂમ એક ઓરતની ઇજ્જત લૂંટાઇ ગઇ છે

પૂરા કરું આ બાકી શ્વાસોને કઇ રીતે હું
એક યાદ તારી દિલમાં, તે પણ ભૂલાઇ ગઇ છે

હું એમની કૃપાથી સાગર તરી ગયો છું
રત્નો થકી આ મારી ઝોળી ભરાઇ ગઇ છે

એ બંધ હો કે ખુલ્લી કયાં ફેર કંઇ પડે છે
મુઠ્ઠીમાં સાંઇની તો દુનિયા સમાઇ ગઇ છે

એવી તો વાગી છાલક દિલમાં ગમોની આજે
બાકી હતી ગઝલ તે સ્હેજે લખાઇ ગઇ છે

સંભળાય છે મૃત્યુનો પગરવ ‘મહેક’ સાવધ
અંતિમ લિબાસ માટે ચાદર વણાઇ ગઇ છે

## હિંમત કર હવે

કોઈનો પણ કયાં તને છે ડર હવે
તારે કરવું હોય તેવું કર હવે

બ્હારની દુનિયાથી શું થાકયો નથી?
બેસ નિરાંતે ને જો ભીતર હવે

નીકળી આવ્યો છે ખાસો દૂર તું
યાદ કર એ અસલી તારું ઘર હવે

જન્મથી છે એકધારી દોડ આ
ટાંટિયા વાળી જરા તું ઠર હવે

ભૂલી જા બીજું બધું જ ભૂલી જા
એમની યાદોથી કર દિલ તર હવે

ઘરનો ખૂણો એ જ તારી ખાનકાહ
તું જ તારો પીર, હિંમત કર હવે

થઈ ગયો ખાલી 'મહેક' દિલનો ઘડો
જા કૂવા કાંઠે ને પાણી ભર હવે

## જખ્મોનો જમેલો

દિવસો જુદાઇના છે એ કાપ્યા કપાય ના
વીતે કદી દિવસ તો પછી રાત જાય ના

દુ:ખદર્દની ભરમાર, આ જખ્મોનો જમેલો
એક મારું દિલ છે, બીજે તો કયાંયે સમાય ના

એવા કરે છે સોદાઓ દીવાના ઈશ્કમાં
સરવાળો, બાદબાકી, ગુણાકાર થાય ના

બીજું બધું તો માપીએ, બીજાને માપીએ
ખુદ આપણાથી આપણી જાત જ મપાય ના

નીચે ધરીને બેસી રહ્યો છું હું કયારનો
ગાગર છે મારી નાની, છતાં પણ ભરાય ના

નિશાનબાજ આવી ગયા ભલભલા અહીં
આ મત્સ્ય તે છે કોઈનાથી પણ વીંધાય ના

એવું તે શું છે એમના આંગણમાં કે ‘મહેક’
એકવાર જઈએ પાછા કદી પણ અવાય ના

## છોડી જાઉં છું

પગમાં હતી જે બેડીઓ, ફંગોળી જાઉં છું
રસમોની જંજીરોને હવે તોડી જાઉં છું

જેની હતી પ્રતીક્ષા તે દેખાય છે સામે
મંઝિલને ભેટવા હવે હું દોડી જાઉં છું

છે આખરી સફર ન કશું કામ લાગશે
ભંગાર જે ભેગો કર્યો તે છોડી જાઉં છું

સાચવજો નેકી સમજીને મારા ગયા પછી
સંબંધ જે બધા હું અહીં જોડી જાઉં છું

ઉત્તર તમારા પ્રશ્નનો એમાં મળી જશે
અક્ષર અઢી જ આવડે છે, બોલી જાઉં છું

બીજું કશુંય જોવાની ફુરસદ મળે તને
ઘરના બધાયે આયના હું ફોડી જાઉં છું

રાખી 'મહેક' આજ સુધી લાજ લોકની
દિલની કિતાબ બંધ હતી, ખોલી જાઉં છું

## મૃગજળ વચ્ચે

ઊભો છું હું મૃગજળ વચ્ચે
વરસે ના તે વાદળ વચ્ચે

લાખ પ્રપંચો ને છળ વચ્ચે
જીવ્યા થૉર ને બાવળ વચ્ચે

ફૂલ કળી ને ઝાકળ વચ્ચે
કોરાકટ રહ્યા જળ વચ્ચે

અંત સમે એવું લાગે છે
જીવતર જાણે બે પળ વચ્ચે

તારી યાદોમાં ઘેરાયો
શ્રાવણ વર્ષા, વાદળ વચ્ચે

આંખ મિલાવું કઇ રીતે હું
પાંપણ વચ્ચે, કાજળ વચ્ચે

ગુંજે તારું નામ પલેપલ
ઝરણાઓની ખળખળ વચ્ચે

નાચ્યા દરવેશોની માફક
ઘરમાં આવળગોવળ વચ્ચે

દર્દ 'મહેક'નું ડૂસકે ચઢયું
આજ કલમ ને કાગળ વચ્ચે

## सरहद की दोनो ओर
## चहकता चमन रहे

मिट्टी यहाँ की हो तो वहाँ का कफन रहे
उन्नत सभी का जीना हो, उन्नत दफन रहे

मिट जाए सारे फाँसले हो जाएं हम क़रीब
ना भाई हो इधर, तो वहाँ पर बहन रहे

पंछी को पर मिले, मिले उड़ने का होंसला
आज़ाद उडते फिरने को खुला गगन रहे

कोयल यहाँ तो बुलबुलें गाती रहे वहाँ
*'सरहद की दोनो ओर चहकता चमन रहे'*

हरएक को रोटी मिले, कपडा, मिले मकान
बरसों का यह सपन हमारा ना सपन रहे

उत्सव मनायें मिलके तो दुःख बाँटते रहें
तुम खुश रहो, खुशहाल हमारा वतन रहे

बढ़ जाए शान धर्म की, धरती की भी 'महेक'
सज़दे बिछाएं वो तो हमारा नमन रहे

*ભારત-પાકિસ્તાન વચ્ચે સદ્દભાવના ફેલાવવાના શુભ આશયથી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' અને પાકિસ્તાનના દૈનિક અખબાર 'જંગ' તરફથી આપવામાં આવેલા તરહી મિસરા પર લખેલી એક હિંદી ગઝલ*

## દીકરીની વિદાય વેળાનું ગીત

મારા જીવનની ડાળે ખીલેલું એક મુલાયમ ફૂલ
મારા પ્રેમની એ તો સુંદર રંગબેરંગી ઝૂલ

દીકરી મારી નાજૂક કોમળ પારિજાતનું ફૂલ
ઓછું કદી ના આંકશો વ્હાલા વેવાઈ એનું મૂલ

રાત્રે મીઠી મહેક પ્રસારી દિવસે ઊડી જાય
રાતરાણીની જેમ જ તું પણ અમને છોડી જાય

મારા હૃદયનો કોમળ ટૂકડો મુજથી વિખૂટો થાય
મારાથી આ દુ:ખ જુદાઈનું કેમ કરી સ્હેવાય

રડશે ભાઈ ને બહેનો, રડશે મા તારી દુ:ખયારી
ઘરનો ખૂણેખૂણો રડશે, રડશે ભીંત ને બારી

સૂનું ઘર ને સૂનું આંગણ, થાશે સૂની અટારી
સૂનો ઘરનો બાગબગીચો, સૂની કયારી કયારી

ઊગશે જેવો દિવસ એવી સાંજ પણ સૂની ઢળશે
મીઠો તારો ટહુકો હવે કયારે સાંભળવા મળશે

હૈયું મારું યાદમાં તારી છાનું છાનું રડશે
તારા માટે રાત ને દિવસ એ તો દુઆઓ કરશે

જ્યાં પણ ર્હે ખુશ ર્હેજે પ્રેમનું ગીત સદા તું ગાજે
મારી મટીને આજથી વ્હાલી, સાસરિયાની થાજે

રાતની રાણી એમ જ ઘરની રાણી થઇને રહેજે
મોટાંની ઇજ્જત કરજે, નાનાંને પ્યાર તું દેજે

આવી પડે આફત અણધારી ધીરજથી તું સ્હેજે
સુખ હો કે દુ:ખ તારા પતિની પડખે કાયમ ર્હેજે

એક બીજાનો લિબાસ છો એ વાત કદી ના ભૂલજે
ભૂલ કદી થઇ જાય તરત એકરાર કરી તું લેજે

કજિયાથી, કંકાસથી વ્હાલી જોજન દૂર તું રહેજે
સેવા કરીને ઘરનાં સૌની સદા દુઆઓ લેજે

'જા તુઝકો સુખી સંસાર મિલે' બસ એજ દુઆ છે મારી
પારિજાતની જેમ જ કાયમ મ્હેક રહે તું પ્રસારી




બોલ્ટન મુશાયરામાં તરન્નુમથી ગઝલ રજૂ કરતા મહેક ટંકારવી



મહેમાન કવિ ખલીલ ધનતેજવી અને કલાપી એવૉર્ડ વિજેતા અદમ
ટંકારવી સાથે મુશાયરામાં ગઝલ રજૂ કરતા મરહૂમ આદિલ મન્સૂરી



મુશાયરાની મોજ માણી રહેલા ગઝલરસિક શ્રોતાઓ



**નામ**
યાકૂબ મેન્ક

**ઉપનામ**
'મહેક' ટંકારવી

**જન્મ**
નવેમ્બર ૧૯૪૦

**જન્મસ્થળ**
ટંકારીઆ, તા.જિ. ભરૂચ

**બ્રિટનનિવાસ**
૧૯૬૬

**અભ્યાસ**
બી.એ. (ઓનર્સ)
સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
એમ.એ. (અંગ્રેજી ભાષા-સાહિત્ય)
એમ.ટી.બી. કોલેજ, સુરત

**ગઝલસંગ્રહો**
પ્યાસ - ૧૯૭૨
તલાશ - ૧૯૮૦
પ્યાસથી પરબ સુધી - ૨૦૦૬
પ્રેમરસ પ્યાલો - ૨૦૧૩

**સમ્પાદન**
સબરસ
ઉપવન

**કવિમિત્રોની ઉદાર કલમે...**

તમારાં ગઝલ કાવ્યો મને ગમ્યાં છે. તમારી ઝંખના, વિરહની વેદના, કોઈક અદશ્યને પામવાની તાલાવેલી અને છતાંય:

**રાખવું હોય ધબકતું જો 'મહેક' જીવનને**
**કોઈની યાદને દિલ માંહે ધબકતી રાખો**

તમારાં ગઝલ કાવ્યો વધારેને વધારે સંવેદના લઈને આવે એવી શુભકામના સાથે...

*□ નરેશ ઉમરીગર, ઉમરા, સુરત*

*****

આપની ગઝલો વાંચી અને ધરાઈને મઝા માણી. આપ મૌલાના રૂમ (રહ)ના અભ્યાસી છો અને એટલે જ આપની ગઝલોમાં તસવ્વુફ અને તગઝ્ઝુલનું સુંદર સંયોજન છે. ગઝલ સંગ્રહમાં એવા અનેક શેર છે જ્યાં અટકવાનું અને વારંવાર વાંચવાનું મન થાય છે. મારા તરફથી દિલી મુબારકબાદ!

**ડૂબ્યા વિના તો પ્યાસ બુઝાશે નહીં 'મહેક'**
**આવો અહીં જ ડૂબીએ, મઝધાર છે અહીં**

*□ 'રાઝ' નવસારવી*

*****

મહેક સાહેબ! પાછલા એક સપ્તાહથી સતત આપના ગઝલ દીવાનમાં ડૂબેલો રહ્યો. માશાઅલ્લાહ! આપના દિલોદિમાગ ઉપર સંપૂર્ણપણે સૂફીવાદ છવાયેલો જોવા મળ્યો છે. અને એટલે જ અનેક શાયરોનાં સર્જન-ચિંતનની હદ જ્યાં પૂરી થઈ જાય છે ત્યાંથી આપની શરૂઆત થયેલ જોઉં છું. ઉદા. રૂપે થોડાક અશ્આર આપું:

**આજ આ પાર તરી જાશું ગમે તેમ કરી**
**ખેર માંગો તો 'મહેક' પેલે પાર ની માંગો**

**તારી કૃપા તો વહેતી હતી ઘરને આંગણે**
**ને લોક એને પામવા કયાં કયાં સુધી ગયા!**

**હોય અંધારું તો દીવો લઈ નીકળીએ શોધવા**
**આજનો માણસ તો અજવાળામાં અટવાયા કરે**

ભરૂચ-પાલનપુરથી લઈ યુ.કે. સુધી આપને મેં જ્યારે પણ ગઝલ સરા થતા જોયા-સાંભળ્યા છે ત્યારે મારાં રૂવાડાં અચૂક ઊભાં થઈ ગયાં છે. મુંબઈના મુશાયરાઓમાં (મર્હૂમ) બરકત વીરાણી 'બેફામ' સાહેબને તરન્નુમથી સાંભળતાં આમ જ થતું. આપના દિલડોલ-દિલકશ તરન્નુમને અલ્લાહ હંમેશ શાદાબ રાખો.

*□ મુસાફિર પાલનપુરી*